# પ્રકરણ – ૪
# સંશોધનનું પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા


| | | |
|---|---|---|
| 4.1 | પ્રસ્તાવના | 190 |
| 4.2 | સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી | 191 |
| 4.3 | વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં આવેગિક બુદ્ધિનો અભ્યાસ | 198 |
| | 4.3.1 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને આવેગિક બુદ્ધિનો વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા | 198 |
| | 4.3.2 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને આવેગિક બુદ્ધિ વચ્ચે t કસોટી | 218 |
| 4.4 | વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષનો અભ્યાસ | 227 |
| | 4.4.1 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને ભૂમિકા સંઘર્ષ વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા | 227 |
| | 4.4.2 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને ભૂમિકા સંઘર્ષ વચ્ચે t કસોટી | 247 |
| 4.5 | વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં કાર્યસંતોષનો અભ્યાસ | 254 |
| | 4.5.1 વ્યક્તિગત સામાજિક પરિવર્ત્યો અને કાર્યસસંતોષ વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા | 254 |
| | 4.5.2 વ્યક્તિગત સામાજિક પરિવર્ત્યો અને કાર્યસંતોષ વચ્ચે t કસોટી | 275 |
| 4.6 | આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના સહસંબંધનો અભ્યાસ | 282 |
| | 4.6.1 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભૂમિકા સંઘર્ષ વચ્ચેના સહસંબંધ | 282 |
| | 4.6.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ | 283 |
| | 4.6.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ | 284 |
| | 4.6.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભૂમિકા સંઘર્ષ વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ | 285 |
| | 4.6.5 શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોના ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ | 286 |
| | 4.6.6 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ | 286 |

# પ્રકરણ – ૪
# સંશોધનનું પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા

## 4.1 પ્રસ્તાવના

પરિણામનું પૃથક્કરણ અને અર્થઘટન એ એક અતિ આવશ્યક બાબત છે. પ્રાપ્ત માહિતીમાં પ્રથમ દષ્ટિએ દેખાતા આંકડા અને તથ્યોમાં ઘણા મહત્વના સિદ્ધાંતો છુપાયેલા હોય છે. આવા સિદ્ધાંતો કે અર્થઘટનને પકડવા માટે જ માહિતીની ચકાસણી કરવી પડે છે. ઘણી વખત માહિતીના સ્વરૂપ પ્રમાણે કોઠાનો પ્રકાર નક્કી થાય છે. આ રીતે મળેલ પરિણામોનું પૃથક્કરણ અને અર્થઘટન ન થાય તો જે તે માહિતીનો જથ્થો એ કેવળ નિરર્થક બોજ બની રહે છે. તે ઉપરાત વ્યાપ્તિકરણ, સામાન્યીકરણ કે કોઈપણ પ્રકારનો સાર તપાસવો એ પૃથક્કરણ વિના શકય જ નથી. માહિતીના વિવિધ એકમોને યથાયોગ્ય સ્થાને ગોઠવવા અને તેમની વચ્ચેના તાર્કિક સહસંબંધને સ્વભાવિક સ્વરૂપમાં વ્યક્ત કરવા એ જ માહિતીનું પૃથક્કરણ એક અગત્યનું કાર્ય બની રહે છે.

## ○ પૃથક્કરણ એટલે શું ?

પૃથક્કરણ એટલે આપણને ઉપરથી દેખાય છે તેની નીચે શું છે તે જાણવું એવી જ રીતે સંશોધક માહિતી મેળવી સરખી રીતે નોંધી અને ગોઠવી દીધા પછી તેનું સમસ્યા અને અટકળના સંદર્ભમાં પૃથક્કરણ કરાય છે. પૃથક્કરણ એટલે મેળવેલ માહિતીમાં છુપાયેલી સામાન્ય બાબતો, ભેદભાવવાળી બાબતોને અલગ પાડવી, પૃથક્કરણ એટલે ગુણાત્મક બાબતોનું સંખ્યાત્મક રૂપાંતર, પૃથક્કરણ એટલે આંકડાશાસ્ત્રની જુદી જુદી પદ્ધતિઓ દ્વારા માહિતીમાં છુપાયેલી વિગતોનું ચોક્કસ રીતે વર્ગીકરણ કરવું.

પ્રસ્તુત સંશોધનનો હેતુ **"શૈક્ષણીક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ"** કરવાનો છે. તેમજ વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોની શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ પર થતી અસર તપાસવાનો છે. કોઈપણ અભ્યાસ સમષ્ટિના બધા જ લોકો પર થતો નથી. તેથી આ મર્યાદાને દુર કરવા સમગ્ર સમષ્ટિમાંથી

પ્રતિનિધિરૂપ એકમ પસંદ કરી રાજકોટ તેમજ મોરબી જિલ્લા અને આજુબાજુના ગામડા વિસ્તારની શાળાઓના શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ પર શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની અસર તપાસવા માટે 2 x 2 x 2 ફેકટોરિયલ યોજના પસંદ કરવામાં આવી હતી. સ્વતંત્ર પરિવર્ત્યોની મુખ્ય તેમજ આંતરિક અસર તપાસવા માટે વિચરણ પૃથક્કરણ 'ANOVA' દ્વારા ગણતરી કરવામાં આવી હતી. અન્ય વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોની કક્ષાઓ વચ્ચેનો તફાવત તપાસવા માટે t કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ ગણવા માટે કાર્લ પિયર્સન r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમજ આંશિક સહસંબંધની ગણતરી કરવામાં આવી હતી. દરેક હેતુ અનુસાર ઉત્કલ્પનાની ચકાસણી અને અર્થઘટન, પૃથક્કરણ અને પરિણામની ચર્ચા વિગતવાર દરેક વિભાગમાં કરવામાં આવી હતી.

આ પ્રકરણને મુખ્યત્વે નીચેના પાંચ વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે જે નીચે મુજબ છે.

1. સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી.
2. વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોની આવેગિક બુદ્ધિનો અભ્યાસ.
3. વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોના ભુમિકા સંઘર્ષનો અભ્યાસ.
4. વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ.
5. શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના સહસંબંધનો અભ્યાસ.

## 4.2 સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી :

અહીં વ્યક્તિગત પરિવર્ત્યો તેમજ માહિતીની સંખ્યા અને ટકાવારીમાં પૃથક્કરણ કરવામાં આવ્યું જે જુદા જુદા કોષ્ટકો દ્વારા વ્યકત કરવામાં આવ્યું છે.

### 4.2.1 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને સંખ્યા પ્રમાણે ટકાવારી :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો તેમની જાતિ પ્રમાણે બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રી
2. પુરુષ

**કોષ્ટક નં.4.1**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N=840)**

| ક્રમાંક | શિક્ષકોની જાતિ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1. | સ્ત્રીઓ | 420 | 50% |
| 2. | પુરુષો | 420 | 50% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 420 સ્ત્રીઓ અને 50% એટલે કે 420 પુરુષોને પસંદ કરવામાં આવ્યા હતા.

### 4.2.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોને તેમના રહેઠાણના વિસ્તાર પ્રમાણે બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. ગ્રામ્ય
2. શહેરી

### કોષ્ટક નં.4.2

### શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N=840)

| ક્રમાંક | રહેઠાણનો વિસ્તાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1. | ગ્રામ્ય | 420 | 50% |
| 2. | શહેરી | 420 | 50% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 420 ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકો અને 50% એટલે કે 420 શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

### 4.2.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર પ્રમાણે બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. પ્રાથમિક
2. માધ્યમિક

### કોષ્ટક નં.4.3

### શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N=840)

| ક્રમાંક | શાળાનો પ્રકાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1. | પ્રાથમિક | 420 | 50% |
| 2. | માધ્યમિક | 420 | 50% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 420 પ્રાથમિક શાળામાં નોકરી કરતા અને 50% એટલે કે 420 માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

### 4.2.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમર મુજબ બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. 25 વર્ષથી ઓછી
2. 25 વર્ષથી વધુ

**કોષ્ટક નં.4.4**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમર અને**

**સંખ્યા પ્રમાણે ટકાવારી (N=840)**

| ક્રમાંક | શિક્ષકોની ઉંમર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1. | 25 વર્ષથી ઓછી | 431 | 51.31% |
| 2. | 25 વર્ષથી વધુ | 409 | 48.69% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 51.31% એટલે કે 431 25 વર્ષથી ઓછી ઉંમરના શિક્ષકો અને 409 25 વર્ષથી વધુ ઉંમરના શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

### 4.2.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની સંસ્થાના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની સંસ્થાના પ્રકાર મુજબ બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સરકારી
2. બિનસરકારી

## કોષ્ટક નં.4.5

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની સંસ્થાના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N=840)

| ક્રમાંક | સંસ્થાનો પ્રકાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1. | સરકારી | 426 | 50.71% |
| 2. | બિનસરકારી | 416 | 49.29% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરનાં કોષ્ટકમાં જોતા જણાય છે કે 50.71% એટલે કે 426 સરકારી સંસ્થામાં નોકરી કરતા અને 49.29% એટલે કે 416 બિનસરકારી સંસ્થામાં નોકરી કરતા શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

### 4.2.6 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અને સંખ્યા પ્રમાણે ટકાવારી :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત પ્રમાણે બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. ગ્રેજ્યુએશન, બી.એડ્.
2. પી.ટી.સી.

## કોષ્ટક નં.4.6

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N=840)

| ક્રમાંક | શૈક્ષણિક લાયકાત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1. | ગ્રેજ્યુએશન, બી.એડ્. | 534 | 63.57% |
| 2. | પી.ટી.સી. | 306 | 36.43% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 63.57% એટલે કે 534 ગ્રેજ્યુએશન, બી.એડ્. કરેલા અને 36.43% એટલે કે 306 પી.ટી.સી. કરેલા શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

### 4.2.7 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોને કુટુંબના પ્રકાર મુજબ બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સંયુકત
2. વિભકત

**કોષ્ક નં.4.7**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની કુટુંબના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી(N=840)**

| ક્રમાંક | કુટુંબનો પ્રકાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1. | સંયુકત | 407 | 48.45% |
| 2. | વિભકત | 433 | 51.55% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 48.45% એટલે કે 407 સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકો અને 51.55% એટલે કે 433 વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતાં.

### 4.2.8 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોનો શૈક્ષણિક અનુભવ અને સંખ્યા પ્રમાણે ટકાવારી :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોને શૈક્ષણિક અનુભવ મુજબ બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. 5 વર્ષ કરતા ઓછો
2. 5 વર્ષ કરતા વધુ

**કોષ્ટક નં.4.8**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના શૈક્ષણિક અનુભવ અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N=840)**

| **ક્રમાંક** | **શૈક્ષણિક અનુભવ** | **સંખ્યા** | **ટકાવારી** |
|---|---|---|---|
| 1. | 5 વર્ષ કરતા ઓછો | 444 | 52.86% |
| 2. | 5 વર્ષ કરતા વધુ | 396 | 47.14% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 52.86% એટલે કે 444 5 વર્ષ કરતા ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો અને 47.14% એટલે કે 396 5 વર્ષ કરતા વધુ અનુભવ ધરાવતા શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

### 4.2.9 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જો અને સંખ્યા પ્રમાણે ટકાવારી

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જા પ્રમાણે બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. પરણિત
2. અપરણિત

**કોષ્ટક નં.4.9**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જા અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N=840)**

| **ક્રમાંક** | **લગ્નનો દરજ્જો** | **સંખ્યા** | **ટકાવારી** |
|---|---|---|---|
| 1. | પરણિત | 436 | 51.90% |
| 2. | અપરણિત | 404 | 48.10% |
| **કુલ** | | **840** | **100%** |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 51.90% એટલે 436 પરણિત શિક્ષકો અને 48.10 % એટલે કે 404 અપરણિત શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા.

## 4.3 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં આવેગિક બુદ્ધિનો અભ્યાસ

### 4.3.1 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને આવેગિક બુદ્ધિ વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા :

પ્રસ્તુત અધ્યયનમાં શિક્ષકોનાં સામાજીક પરિવર્ત્યો જેવા કે જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની શી અસર થાય છે તેમજ આ સ્વતંત્ર પરિવર્ત્યો વ્યક્તિગત ઘટકો પર થતી અસરોની ચકાસણી કરવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકાર જેવા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર મુખ્ય તેમજ આંતરક્રિયાત્મક અસર જાણવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા F મૂલ્ય શોધવામાં આવ્યા હતા. આ દરેકની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે. ઉપરાંત વિચરણ પૃથક્કરણ પ્રક્રિયામાં પ્રાપ્ત થતી અંતિમ કિંમત F ગુણો સમષ્ટિના વિવિધ જુથોના મધ્યકો વચ્ચે OVER ALL તફાવત સાર્થક છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મદદ કરે અને અહીં સ્વતંત્ર પરિવર્ત્યો ત્રણ છે. જે નીચે મુજબ છે.

1. જાતિ (A)
   - $A_1$ સ્ત્રીઓ
   - $A_2$ પુરુષો
2. રહેઠાણનો વિસ્તાર (B)
   - $B_1$ ગ્રામ્ય
   - $B_2$ શહેરી
3. શાળાનો પ્રકાર
   - C1 પ્રાથમિક
   - $C_2$ માધ્યમિક

જયારે આવેગિક બુદ્ધિ એ પરતંત્ર પરિવર્ત્ય છે. આ અંગેની તમામ વિગતો કોષ્ટક નં.4.10માં દર્શાવવામાં આવી છે.

## કોષ્ટક નં.4.10

## 2 x 2 x 2 આવયવિક યોજના અને આવેગિક બુદ્ધિનું વિચરણ પૃથક્કરણ પરિણામ (N=840)

| ચલનો ઉદ્ભવ Source of Variance | વર્ગના સરવાળા Sum of square | સ્વાતંત્ર્યની કક્ષા df (n-1) | પ્રચરણ Mean Sum of square | મૂલ્ય f | સાર્થકતા ની કક્ષા Sig. |
|---|---|---|---|---|---|
| Main Effects | - | - | - | - | - |
| SSA | 4087.39 | 1 | 4087.39 | 21.76 | 0.01 |
| SSB | 2631.63 | 1 | 2631.63 | 14.01 | 0.01 |
| SSC | 2588.43 | 1 | 2588.43 | 13.78 | 0.01 |
| Interaction Effects | - | - | - | - | - |
| SS A.B | 4495.01 | 1 | 4495.01 | 23.93 | 0.01 |
| SS B.C | 2218.39 | 1 | 2218.39 | 11.81 | 0.01 |
| SS A.C | 3210.18 | 1 | 3210.18 | 17.09 | 0.01 |
| SS A.B.C | 3674.15 | 1 | 3674.15 | 19.86 | 0.01 |
| Within SS Error | 156282.88 | 832 | 187.84 | | |
| SS Total | 179188.06 | 839 | | | |

Significance Level :

| N | 0.05 | 0.01 |
|---|---|---|
| 105 | 3.92 | 6.84 |
| 210 | 3.86 | 6.70 |
| 420 | 3.85 | 6.66 |

### 4.3.1.1 **શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) અને આવેગિક બુદ્ધિ વચ્ચેની F કસોટી :**

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રી
2. પુરુષો

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_1$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.11**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના આવેગિક બુદ્ધિના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| શિક્ષકોની જાતિ (A) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ($A_1$) | 420 | 829.26 | 21.76 | 0.01 |
| પુરુષો ($A_2$) | 420 | 803.90 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં.4.12**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના આવેગિક બુદ્ધિના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1$ Vs $A_2$ | 25.36 | 0.01 |

0.05 = 1.85

0.01 = 2.44

પરિણામ કોષ્ટકમાં નં.4.11માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા Fની કિંમત 21.76 છે જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે અહીં $HO_1$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં.4.12માં દર્શાવવામાં આવેલ છે. અહીં $A_1$ Vs $A_2$ એટલ કે સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 829.26 અને 803.90 છે અને બંને વચ્ચેનો તફાવત 25.36 છે. જે 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકો આવેગિક બુદ્ધિ વધુ છે.

કારણ કે પુરુષો કરતા સ્ત્રીઓનું કાર્ય ચોકકસાઈવાળુ અને સચોટ હોય તેમજ સ્વભાવથી સ્ત્રીઓ પુરુષો કરતા વધુ લાગણીશીલ હોવાથી પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓની આવેગિક બુદ્ધિ વધુ હોય છે.

## આલેખ–4.1

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ

**સ્કેલ માપ**

x ધરી = શિક્ષકોની જાતિ

y ધરી = 1 સે.મી. = 100 મધ્યકો




શિક્ષકોની જાતિ

### 4.3.1.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) અને આવેગિક બુદ્ધિ વચ્ચેની F કસોટી :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારને ધ્યાનમાં રાખીને બે વિભાગમાં વહેંચામાં આવ્યા હતા.

1. ગ્રામ્ય
2. શહેરી

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_2$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.13**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોના રહેઠાણ વિસ્તાર (B) પરિવર્ત્યોના આવેગિક બુદ્ધિના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| રહેઠાણનો વિસ્તાર (B) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| ગ્રામ્ય ($B_1$) | 420 | 821.79 | 14.01 | 0.01 |
| શહેરી ($B_2$) | 420 | 811.36 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં. 4.14**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) પરિવર્ત્યના આવેગિક બુદ્ધિના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1$ Vs $B_2$ | 10.43 | 0.01 |

0.05 = 1.85

0.01 = 2.44

પરિણામ કોષ્ટક નં.4.13માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા Fની કિંમત 14.01 છે જે 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ F કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે તે તફાવત સાર્થક છે. અહીં $HO_2$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં L.S.D. તફાવત 0.01 અર્થસુચકકક્ષા એ સાર્થક જોવા મળે છે. અહીં $B_1$ Vs $B_2$ એટલે કે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકો અને શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકોની આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 821.79 અને 811.36 છે. અને બંને વચ્ચે તફાવત 10.43 છે. જે 0.01 અર્થસુચકએ સાર્થક છે. તેથી કહી શકાય કે શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

કારણ કે પ્રાયોગિક ધોરણે શહેરમાં રહેતા શિક્ષકો કરતા વ્યવહારુ ઉદાહરણથી સમજાવવાની સુઝબુઝ ગ્રામ્ય શિક્ષકોમાં વધુ હોય છે. શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના બુદ્ધિઆંકની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીને તેમના બુદ્ધિઆંક પ્રમાણે સમજાવવુ કઠીન હોય છે. તેથી ગ્રામ્ય વિદ્યાર્થીના માનસ પ્રમાણેનું શિક્ષણ કાર્ય કરાવવા સક્ષમ હોવાને લીધે તેમની આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

**આલેખ–4.2**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ :**

**સ્કેલ માપ :**

x ધરી = શિક્ષકોનાં રહેઠાણનો વિસ્તાર

y ધરી = 1 સે.મી. = 100 મધ્યકો




**રહેઠાણનો વિસ્તાર**

**4.3.1.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર (C) અને આવેગિક બુદ્ધિ વચ્ચેની F કસોટી :**

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોને શાળાના પ્રકારને ધ્યાનમાં રાખીને બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. પ્રાથમિક
2. માધ્યમિક

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_3$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.15**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર (C) પરિવર્ત્યના આવેગિક બુદ્ધિના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| શાળાનો પ્રકાર(C) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| પ્રાથમિક ($C_1$) | 420 | 812.47 | 13.78 | 0.01 |
| માધ્યમિક ($C_2$) | 420 | 820.69 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં.4.16**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના શાળાના પ્રકાર (C) પરિવર્ત્યના આવેગિક બુદ્ધિના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff | Sig. |
|---|---|---|---|
| 1 | $C_1$ Vs $C_2$ | 8.22 | 0.01 |

0.05 = 1.85

0.01 = 2.44

પરિણામ કોષ્ટક નં.4.15માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા F ની કિંમત 13.78 છે. જે 0.01 અર્થસુચકકક્ષાએ સાર્થક જોવા મળે છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.66 છે. અહીં Fની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_3$નો અસ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા પ્રાથમિક શાળાના શિક્ષકો કરતા માધ્યમિક શાળાના શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત પણ 0.01 અર્થસુચકકક્ષાએ સાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં.4.16માં દર્શાવવામાં આવેલ છે. અહીં $C_1$ Vs $C_2$ એટલે કે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળ ામાં નોકરી કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 812.47 અને 820.69 છે. અને બન્ને વચ્ચેનો તફાવત 8.22 છે. જે 0.01 અર્થસુચકકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા પ્રાથમિક શાળાના શિક્ષકો કરતા માધ્યમિક શાળાના શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

કારણ કે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ઉંમરના પ્રમાણમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ મોટા એટલે કે તેમની વયકક્ષા તરુણાવસ્થાનો ગાળો હોય છે તેથી તેમને અભ્યાસ કરાવતા શિક્ષકો એ વયકક્ષાને ધ્યાનમાં રાખી તેમની વાણી, વર્તન અને વ્યવહારમાં ખુબ સજાગ રહેવુ પડતુ હોય છે આમ માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

## આલેખ–4.3

### શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ :

**સ્કેલ માપ :**

x ધરી = શિક્ષકોનો રહેઠાણનો વિસ્તાર

y ધરી = 1 સે.મી. = 100 મધ્યકો




**રહેઠાણનો વિસ્તાર**

### 4.3.1.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) અને રહેઠાણનો વિસ્તાર (B) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં શિક્ષકોને નીચેના ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રીઓ ગ્રામ્ય
2. સ્ત્રીઓ શહેરી
3. પુરુષો ગ્રામ્ય
4. પુરુષો શહેરી

આ પ્રકારના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_4$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.17**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ગ્રામ્ય ($A_1B_1$) | 210 | 840.11 | 23.93 | 0.01 |
| સ્ત્રીઓ શહેરી ($A_1B_2$) | 210 | 818.42 | | |
| પુરુષો ગ્રામ્ય ($A_2B_1$) | 210 | 803.48 | | |
| પુરુષો શહેરી ($A_2B_2$) | 210 | 804.31 | | |

0.05 = 3.86

0.01 = 6.70

**પરિણામ કોષ્ટક નં.4.18**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1B_1$ Vs $A_1B_2$ | 21.69 | 0.01 |
| 2 | $A_1B_1$Vs $A_2B_1$ | 36.63 | 0.01 |
| 3 | $A_1B_1$ Vs $A_2B_2$ | 35.8 | 0.01 |
| 4 | $A_1B_2$ Vs $A_2B_1$ | 14.94 | 0.01 |
| 5 | $A_1B_2$ Vs $A_2B_2$ | 14.11 | 0.01 |
| 6 | $A_2B_1$ Vs $A_2B_2$ | 0.83 | NS |

0.05 = 2.62

0.01 = 3.45

પરિણામ કોષ્ટક નં.4.17માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 23.93 છે. જે 0.01 અર્થસુચકએ સાર્થક છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.86 અને 0.01 અર્થકક્ષાએ 6.70 છે. તેથી તફાવત સાર્થક છે. અહી $HO_4$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 5 Pairsમાં 0.01 કક્ષાએ સાર્થક અને 1 Pairs માં અસાર્થક જોવા મળે છે. જેમાં $A_1B_1$ Vs $A_1B_2$ એટલે કે સ્ત્રીઓ ગ્રામ્ય અને સ્ત્રીઓ શહેરી શિક્ષકોની આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 840.11 અને 818.42 છે. જે બન્ને વચ્ચેનો તફાવત 21.69 છે. જે 0.01 અર્થસુચકકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રીઓ શહેરી કરતા સ્ત્રીઓ ગ્રામ્ય શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

કારણ કે શહેરી શિક્ષકો પર શહેરી ભાગદોડ, તણાવયુકત વાતાવરણ, ભૌતિક સુખસગવડો તેમજ સતત વ્યસ્તતાને કારણે તે માનસિક તણાવનો અનુભવ કરતા હોય છે જે તેના સ્વભાવ પર અસર કરે છે જયારે ગ્રામ્ય શિક્ષક ગામડાના પ્રાકૃતિક વાતાવરણ, માનવતાના મૂલ્યોની અસર, ફુરસદનો સમય વગેરે કારણોને લીધે તેમની આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

$A_2B_1$ Vs $A_2B_2$ એટલે કે પુરુષો ગ્રામ્ય અને પુરુષો શહેરીના આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 803.48 અને 804.31 છે અને બન્ને વચ્ચેનો તફાવત 0.83 છે જે અસાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ ગ્રામ્ય અને પુરુષ શહેરીના આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

**4.3.1.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી**

1. ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો
2. ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો
3. શહેરી પ્રાથમિક શિક્ષકો
4. શહેરી માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_5$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.19**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો ($B_1C_1$) | 210 | 821.23 | 11.81 | 0.01 |
| ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($B_1C_2$) | 210 | 822.36 | | |
| શહેરી પ્રાથમિક શિક્ષકો ($B_2C_1$) | 210 | 803.71 | | |
| શહેરી માધ્યમિક શિક્ષક ($B_2C_2$) | 210 | 819.02 | | |

0.05=3.86

0.01=6.70

## પરિણામ કોષ્ટક નં.4.20

### શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $B_1C_1$ Vs $B_1C_2$ | 1.13 | NS |
| 2 | $B_1C_1$ Vs $B_2C_1$ | 17.52 | 0.01 |
| 3 | $B_1C_1$ Vs $B_2C_2$ | 2.21 | NS |
| 4 | $B_1C_2$ Vs $B_2C_1$ | 18.65 | 0.01 |
| 5 | $B_1C_2$ Vs $B_2C_2$ | 3.34 | 0.05 |
| 6 | $B_2C_1$ Vs $B_2C_2$ | 15.31 | 0.01 |

0.05 = 2.62

0.01 = 3.45

પરિણામ કોષ્ટક નં.4.19માં જોતા જણાય છે કે શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 11.81 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.86 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે, અહીં $HO_5$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારના આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 3 Pairsમાં 0.01 અર્થસુચકએ સાર્થક, 1 Pairમાં 0.05 અર્થસુચકએ સાર્થક અને 2 Pairsમાં અસાર્થક જોવા મળે છે. જેમાં $B_1C_1$ Vs $B_1C_2$ એટલે કે ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો અને ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોના આવેગિક બુદ્ધિના મધ્યકો 821.23 અને 822.36 છે અને બન્ને વચ્ચેનો

તફાવત 1.13 છે. જે અસાર્થક છે. તેથી કહી શકાય કે ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો અને ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

કારણ કે ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો એ તરુણાવસ્થાના વિદ્યાર્થીઓના માનસિક, આવેગિક જરૂરિયાતોને અનુલક્ષીને શિક્ષણ આપવાનું હોય છે. આ ગાળા દરમ્યાન તરુણોની સુષુપ્ત શકિતઓને યોગ્ય દિશાસુચનની જવાબદારી શિક્ષકોની હોય છે.

$B_2C_1$ Vs $B_2C_2$ એટલે કે શહેરી પ્રાથમિક શિક્ષકો અને શહેરી માધ્યમિક શિક્ષકોના આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 803.71 અને 819.02 છે. અને બન્ને વચ્ચેનો તફાવત 15.31 છે. જે 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે શહેરી પ્રાથમિક શિક્ષકો કરતા શહેરી માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

### 4.3.1.6 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ (A) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી

1. સ્ત્રી પ્રાથમિક શિક્ષકો
2. સ્ત્રી માધ્યમિક શિક્ષકો
3. પુરૂષ પ્રાથમિક શિક્ષકો
4. પુરૂષ માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_6$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.21**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રી પ્રાથમિક શિક્ષકો ($A_1C_1$) | 210 | 822.95 | 17.09 | 0.01 |
| સ્ત્રી માધ્યમિક શિક્ષક ($A_1C_2$) | 210 | 835.58 | | |
| પુરૂષ પ્રાથમિક શિક્ષકો ($A_2C_1$) | 210 | 801.99 | | |
| પુરૂષ માધ્યમિક શિક્ષક ($A_2C_2$) | 210 | 805.8 | | |

0.05 = 3.86

0.01 = 6.70

**પરિણામ કોષ્ટક નં.4.22**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $A_1C_1$ Vs $A_1C_2$ | 12.63 | 0.01 |
| 2 | $A_1C_1$ Vs $A_2C_1$ | 20.96 | 0.01 |
| 3 | $A_1C_1$ Vs $A_2C_2$ | 17.15 | 0.01 |
| 4 | $A_1C_2$ Vs $A_2C_1$ | 33.59 | 0.01 |
| 5 | $A_1C_2$ Vs $A_2C_2$ | 29.78 | 0.01 |
| 6 | $A_2C_1$ Vs $A_2C_2$ | 3.81 | 0.01 |

0.05 = 2.62

0.01 = 3.45

પરિણામ કોષ્ટક નં.4.21માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 17.09 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.86 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે, અહીં $HO_6$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ અને શાળાનો પ્રકારની આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 6 Pairsમાં 0.01 અર્થસુચકએ સાર્થક જોવા મળે છે. જેમાં $A_1C_1$ Vs $A_1C_2$ એટલે કે સ્ત્રી પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 822.95 અને 835.58 છે અને બન્ને વચ્ચેનો તફાવત 12.63 છે. જે 0.01 કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રી પ્રાથમિક શિક્ષકો કરતા સ્ત્રી માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

$A_2C_1$ Vs $A_2C_2$ એટલે કે પુરુષ પ્રાથમિક શિક્ષકો અને પુરુષ માધ્યમિક શિક્ષકોના મધ્યકો અનુક્રમે 801.99 અને 805.8 છે. અને બન્ને વચ્ચેનો તફાવત 3.81 છે. જે 0.01 અર્થસુચકકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ પ્રાથમિક શિક્ષકો કરતા પુરુષ માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

### 4.3.1.7 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A), રહેઠાણનો વિસ્તાર (B) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણન વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચેની આંતરક્રિયાને આઠ વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો
2. સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો
3. સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો

4. સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકો

5. પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો

6. પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો

7. પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો

8. પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_7$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનાં વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.23**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણન વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક ($A_1B_1C_1$) | 105 | 833.89 | 19.86 | 0.01 |
| સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($A_1B_1C_2$) | 105 | 846.32 | | |
| સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો ($A_1B_2C_1$) | 105 | 812.01 | | |
| સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકો ($A_1B_2C_2$) | 105 | 824.84 | | |
| પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક ($A_2B_1C_1$) | 105 | 808.57 | | |
| પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($A_2B_1C_2$) | 105 | 798.4 | | |
| પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો ($A_2B_2C_1$) | 105 | 795.42 | | |
| પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકો ($A_2B_2C_2$) | 105 | 813.2 | | |

0.05 = 3.92

0.01 = 6.84

## પરિણામ કોષ્ટક નં.4.24

### શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળ ના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ | 12.43 | 0.01 |
| 2 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_1$ | 21.88 | 0.01 |
| 3 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_2$ | 9.05 | 0.01 |
| 4 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_1$ | 25.32 | 0.01 |
| 5 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_2$ | 35.49 | 0.01 |
| 6 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_1$ | 38.47 | 0.01 |
| 7 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_2$ | 20.69 | 0.01 |
| 8 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_1$ | 34.31 | 0.01 |
| 9 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_2$ | 11.48 | 0.01 |
| 10 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_1$ | 37.75 | 0.01 |
| 11 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_2$ | 47.49 | 0.01 |
| 12 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 50.9 | 0.01 |
| 13 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_2$ | 33.12 | 0.01 |
| 14 | $A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ | 12.83 | 0.01 |
| 15 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 3.44 | NS |
| 16 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_2$ | 13.61 | 0.01 |
| 17 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_1$ | 16.59 | 0.01 |
| 18 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_2$ | 1.19 | NS |

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 19 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_1$ | 16.27 | 0.01 |
| 20 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_2$ | 26.44 | 0.01 |
| 21 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 29.42 | 0.01 |
| 22 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_2$ | 11.64 | 0.01 |
| 23 | $A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ | 10.17 | 0.01 |
| 24 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_1$ | 13.15 | 0.01 |
| 25 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_2$ | 4.63 | 0.05 |
| 26 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_2$ | 2.98 | NS |
| 27 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_2$ | 14.8 | 0.01 |
| 28 | $A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ | 17.78 | 0.01 |

0.05 = 3.70

0.01 = 4.88

પરિણામ કોષ્ટક નં.4.23માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા F ની કિંમત 19.86 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.92 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.84 છે અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત 0.01 અર્થકક્ષાએ સાર્થક છે અહીં $HO_7$નો અસ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાનાં પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત 24 Pairs માં 0.01 કક્ષાએ સાર્થક, 1

Pairમાં 0.05 અર્થકક્ષાએ સાર્થક અને 3 Pairsમાં અસાર્થક જોવા મળે છે. જેમાં $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ એટલે કે સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 833.89 અને 846.32 છે. અને બંને વચ્ચેનો તફાવત 12.43 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો કરતા સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

$A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ એટલે કે સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકોનાં મધ્યકો અનુક્રમે 812.01 અને 824.84 છે. અને બન્ને વચ્ચેનો તફાવત 12.83 છે જે 0.01 અર્થસુચકકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો કરતા સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

$A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ એટલે કે પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક અને પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 808.57 અને 798.4 છે અને બન્ને વચ્ચેનો તફાવત 10.17 છે. તેથી 0.01 અર્થસુચકકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો કરતા પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

$A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ એટલે કે પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો અને પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિના મધ્યકો અનુક્રમે 795.42 અને 813.2 છે અને બન્ને વચ્ચેનો તફાવત 17.78 છે જે 0.01 અર્થસુચકકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો કરતા પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

### 4.3.2 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને આવેગિક બુદ્ધિ વચ્ચે t કસોટી :

#### 4.3.2.1 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં આવેગિક બુદ્ધિનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંવામાં આવ્યા હતા.

1. 25 વર્ષથી ઓછી

2. 25 વર્ષથી વધુ

આ બે વિભાગોનાં સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_8$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.25**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | શિક્ષકોની ઉંમર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | 25 વર્ષથી ઓછી | 431 | 814.9 | 14.98 | 0.72 | 1.03 | 3.35 | 0.01 |
| 2. | 25 વર્ષથી વધુ | 409 | 818.35 | 15.03 | 0.74 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.25માં જોતા જણાય છે કે શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 3.35 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચકકક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં HO8નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે 25 વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો કરતા 25 વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

કારણ કે 25 વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો કરતા 25 વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકો પોતાના વ્યવસાયમાં સ્થાય થવા માટે વધુ ચોક્કસ અને જાગૃતતાથી કાર્ય કરતા હોય છે.

### 4.3.2.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાનાં પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિનો t–કસોટી દ્વારા અભ્યાસ

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સરકારી
2. બિન સરકારી

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_9$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારા સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.26**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની સંસ્થાના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક**

**(N=840)**

| ક્રમ | સંસ્થાનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સરકારી | 426 | 814.07 | 14.91 | 0.72 | 1.03 | 4.94 | 0.01 |
| 2. | બિનસરકારી | 414 | 819.16 | 14.98 | 0.74 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.26માં જોતા જણાય છે કે શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 4.94 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થકક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_9$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે બિનસરકારી સંસ્થામાં કામ કરતા શિક્ષકો કરતા સરકારી સંસ્થામાં કામ કરતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

કારણ કે બિનસરકારી શિક્ષક કરતા સરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો માટે આ નોકરી કાયમી અને સુરક્ષિત હોવાથી તેઓ તેમના કાર્યમાં ચોક્કસ, નિયમીત અને વધુ સજાગ રહે છે તેથી તેમની આવગિક બુદ્ધિ બિનસરકારી શિક્ષકો કરતા વધુ જોવા મળે છે.

**4.3.2.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં આવેગિક બુદ્ધિની t કસોટી દ્વારા અભ્યાસ :**

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. ગ્રેજ્યુએશન બી.એડ્.
2. પી.ટી.સી.

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_{10}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.27**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક : (N=840)**

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ગ્રેજયુએશન, બી.એડ્. | 534 | 811.73 | 13.77 | 0.6 | 0.99 | 13.45 | 0.01 |
| 2. | પી.ટી.સી. | 306 | 825.05 | 13.89 | 0.79 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.27માં જોતા જણાય છે કે શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 13.45 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચકાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{10}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પી.ટી.સી.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતા ગ્રેજયુએશન, બી.એડ્.ની લાયકાત ધરાવતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

કારણ કે પી.ટી.સી. કરેલ શિક્ષક કરતા ગ્રેજયુએશન, બી.એડ્. કરેલ શિક્ષકના વધુ અભ્યાસને આધારે ચોક્કસ વિષય પરની પકડ અને વિદ્યાર્થીને મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણને આધારે ઓળખવાની ક્ષમતા વધુ હોય છે તેથી તેમની આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

### 4.3.2.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સંયુકત
2. વિભકત

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_{11}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

## પરિણામ કોષ્ટક નં. 4.28

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબનાં પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)

| ક્રમ | કુટુંબનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સંયુકત | 407 | 808.76 | 12.81 | 0.63 | 0.88 | 17.23 | 0.01 |
| 2. | વિભકત | 433 | 823.93 | 13.07 | 0.63 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.28માં જોતા જણાય છે કે શિક્ષકોના કુંટુંબના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 17.23 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચકકક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{11}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

કારણ કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષક કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકની કૌટુંબિક રીતે નૈતિક જવાબદારી અને ભવિષ્યના આયોજનોને ધ્યાનમાં રાખી કાર્ય કરવાનું હોવાથી તેમની આવેગિક બુદ્ધિ વધુ છે.

### 4.3.2.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં આવેગિક બુદ્ધિનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. 5 વર્ષ કરતા ઓછો
2. 5 વર્ષ કરતા વધુ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{12}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.29**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક : (N=840)**

| ક્રમ | કુટુંબનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | 5 વર્ષ કરતા ઓછો | 444 | 814.42 | 12.91 | 0.61 | 0.9 | 5.1 | 0.01 |
| 2. | 5 વર્ષ કરતા વધુ | 396 | 819.01 | 13.21 | 0.66 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.29માં જોતા જણાય છે કે શિક્ષકોના વ્યવસાય અનુભવનાં સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 5.1 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચકકક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{12}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે 5 વર્ષ કરતા વધુ વ્યવસાય અનુભવ ધરાવતાં શિક્ષકો કરતા 5 વર્ષ કરતા ઓછો વ્યવસાય અનુભવ ધરાવતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

કારણ કે 5 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકોને પોતાના વ્યવસાયમાં બઢતીની તકો શરૂઆતની સ્ફુર્તિ અને જીજ્ઞાસાવૃતિ, નવા શૈક્ષણિક પરિવર્તનો સાથે કાર્ય કરવાની ક્ષમતા, તેથી તેમની આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે. 5 વર્ષ વધુ અનુભવ ધરાવતા શિક્ષકો પર જે કાર્યભાર, શારીરિક અક્ષમતા, નવી શૈક્ષણિક પદ્ધતિઓ સાથે સમાયોજનમાં મુશ્કેલી તેમની આવેગિક બુદ્ધિ પર અસર કરે છે.

### 4.3.2.6 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્નનો દરજ્જાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ના દરજ્જાના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. પરણિત
2. અપરણિત

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_{13}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્નદરજ્જાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.30**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક**

**(N=840)**

| ક્રમ | લગ્નનો દરજ્જો | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | પરણિત | 436 | 811.12 | 13.77 | 0.66 | 0.96 | 11.83 | 0.01 |
| 2. | અપરણિત | 404 | 822.48 | 14.12 | 0.70 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.30માં જોતા જણાય છે કે શિક્ષકોના લગ્નના દરજ્જાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 11.83 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચકકક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{13}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે અપરણિત શિક્ષકો કરતા પરણિત શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

કારણ કે પરણિત શિક્ષકોમાં કૌટુંબિક સામાજિક જવાબદારી હોવાથી તેમની સુઝબુઝ તેમજ આ જવાબદારીઓની સાથે શાળાના કાર્ય સાથે સમાયોજન સાધવુ તેમની આવેગિક બુદ્ધિને અસર કરે છે.

**કોષ્ટક નં.4.31**

**2 x 2 x 2 આવયવિક યોજના અને ભૂમિકા સંઘર્ષનું વિચરણ**

**પૃથક્કરણ પરિણામ : (N=840)**

| **ચલનો ઉદ્દભવ** **Source of Variance** | **વર્ગના સરવાળા** **Sum of square** | **સ્વાતંત્ર્યની કક્ષા df (n-1)** | **પ્રચરણ Mean Sum of square** | **મૂલ્ય f** | **સાર્થકતાની કક્ષા Sig.** |
|---|---|---|---|---|---|
| Main Effects | - | - | - | - | - |
| SA | 795.48 | 1 | 795.48 | 21.43 | 0.01 |
| SSB | 454.34 | 1 | 454.34 | 12.24 | 0.01 |
| SSC | 107.34 | 1 | 107.34 | 2.89 | NS |
| Interaction Effects | - | - | - | - | - |
| SS A.B | 968.46 | 1 | 968.46 | 26.09 | 0.01 |
| SS B.C | 491.46 | 1 | 491.46 | 13.24 | 0.01 |
| SS A.C | 364.14 | 1 | 364.14 | 9.81 | 0.01 |
| SS A.B.C | 629.55 | 1 | 629.55 | 16.96 | 0.01 |
| Within SS Error | 30883.84 | 832 | 37.12 | | |
| **SS Total** | **34694.61** | **839** | | | |

Significance Level

| N | 0.05 | 0.01 |
|---|---|---|
| 105 | 3.92 | 6.84 |
| 210 | 3.86 | 6.70 |
| 420 | 3.85 | 6.66 |

## 4.4 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષનો અભ્યાસ :

### 4.4.1 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને ભુમિકા સંઘર્ષ વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચાઃ

પ્રસ્તુત અધ્યયનમાં શિક્ષકોનાં વ્યક્તિગત ઘટકો જેવા કે જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની શી અસર થાય છે તેમજ આ સ્વતંત્ર પરિવર્ત્યો વ્યક્તિગત ઘટકો પર થતી અસરોની ચકાસણી કરવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકાર જેવા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર મુખ્ય તેમજ આંતરક્રિયાત્મક અસર જાણવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા F મૂલ્ય શોધવામાં આવ્યા હતા. આ દરેકની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે. ઉપરાંત વિચરણ પૃથક્કરણ પ્રક્રિયામાં પ્રાપ્ત થતી અંતિમ કિંમત F ગુણો સમષ્ટિના વિવિધ જુથોના મધ્યકો વચ્ચે OVER ALL તફાવત સાર્થક છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મદદ કરે અને અહીં સ્વતંત્ર પરિવર્ત્યો ત્રણ છે. જે નીચે મુજબ છે.

1. જાતિ (A)
   - $A_1$ સ્ત્રીઓ
   - $A_2$ પુરુષો
2. રહેઠાણનો વિસ્તાર (B)
   - $B_1$ ગ્રામ્ય
   - $B_2$ શહેરી
3. શાળાનો પ્રકાર
   - $C_1$ પ્રાથમિક
   - $C_2$ માધ્યમિક

જયારે ભુમિકા સંઘર્ષ પરતંત્ર પરિવર્ત્ય છે. આ અંગેની તમામ વિગતો કોષ્ટક નં.4.31માં દર્શાવવામાં આવી છે.

### 4.4.1.1 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) અને ભુમિકા સંઘર્ષ વચ્ચેની F કસોટી :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રી
2. પુરુષ

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{14}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિનાં સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.32**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના ભુમિકા સંઘર્ષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| શિક્ષકોની જાતિ (A) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ($A_1$) | 420 | 22.10 | 21.43 | 0.01 |
| પુરુષો ($A_2$) | 420 | 25.41 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં.4.33**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના ભુમિકા સંઘર્ષના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1$ Vs $A_2$ | 3.41 | 0.01 |

0.05 = 0.82

0.01 = 1.08

પરિણામ કોષ્ટકમાં નં.4.32માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા Fની કિંમત 21.43 છે જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે અહીં $HO_{14}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે સ્ત્રી શિક્ષકો કરતા પુરુષ શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે. અહીં $A_1$ Vs $A_2$ એટલ કે સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 22.10 અને 25.41 છે અને બંને વચ્ચેનો તફાવત 3.41 છે. જે 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રી શિક્ષકો કરતા પુરુષ શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે સ્ત્રી શિક્ષકોએ કૌટુંબિક જવાબદારી અને શાળાના કાર્યો સાથે સમાયોજન સાધવાનું હોય છે પરંતુ પુરુષ શિક્ષકોએ શાળાની જવાબદારી, કૌટુંબિક આર્થિક ખર્ચ, બાળકોનો અભ્યાસ, સામાજિક સંબંધો, મિત્રો સાથેના વ્યવહારો વગેરે જવાબદારી સાથે કાર્યો કરવના હોવાથી પુરુષ શિક્ષકોમાં ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

**આલેખ–4.4**
**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ**

**સ્કેલ માપ**

x ધરી = શિક્ષકોની જાતિ

y ધરી = 1 સે.મી. = 100 મધ્યકો




**શિક્ષકોની જાતિ**

**4.4.1.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) અને ભુમિકા સંઘર્ષ વચ્ચેની F કસોટી :**

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારને ધ્યાનમાં રાખીને બે વિભાગમાં વહેંચામાં આવ્યા હતા.

1. ગ્રામ્ય
2. શહેરી

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_{15}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.34**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોના રહેઠાણ વિસ્તાર (B) પરિવર્ત્યોના ભુમિકા સંઘર્ષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| રહેઠાણનો વિસ્તાર (B) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| ગ્રામ્ય ($B_1$) | 420 | 25.12 | 12.24 | 0.01 |
| શહેરી ($B_2$) | 420 | 22.39 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં. 4.35**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) પરિવર્ત્યના ભુમિકા સંઘર્ષના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1$ Vs $B_2$ | 2.73 | 0.01 |

0.05 = 0.82

0.01 = 1.08

પરિણામ કોષ્ટક નં.4.35માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા Fની કિંમત 12.24 છે જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ F કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{15}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં.4.35માં દર્શાવવામાં આવેલ છે. અહીં $B_1$ Vs $B_2$ એટલે કે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકો અને શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકોની ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 25.12 અને 22.39 છે. અને બંને વચ્ચે તફાવત 2.73 છે. જે 0.01 અર્થસુચકએ સાર્થક છે. તેથી કહી શકાય કે શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો મોટે ભાગે વિભકત કુટુંબમાં રહેતા હોય છે. તેમને ભાગ્યે જ સગાસંબંધીને ત્યાં અમુક અવસરે જવાનું હોવાથી ભુમિકા સંઘર્ષ ઓછો જોવા મળે છે. જયારે ગ્રામ્ય શિક્ષકો સંયુકત કુટુંબ તેમજ સામાજિક રીતરિવાજો સાથે તાલ મીલાવવાનો હોય છે. તેથી તેમનો ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

**આલેખ–4.5**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ :**

**સ્કેલ માપ :**
x ધરી = શિક્ષકોનાં રહેઠાણનો વિસ્તાર
y ધરી = 1 સે.મી. = 100 મધ્યકો




**રહેઠાણનો વિસ્તાર**

### 4.4.1.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર (C) અને ભુમિકા સંઘર્ષ વચ્ચેની F કસોટી :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોને શાળાના પ્રકારને ધ્યાનમાં રાખીને બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. પ્રાથમિક
2. માધ્યમિક

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$H0_{16}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.36**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર (C) પરિવર્ત્યના ભુમિકા સંઘર્ષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| શાળાનો પ્રકાર (C) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| પ્રાથમિક ($C_1$) | 420 | 24.27 | 2.89 | NS |
| માધ્યમિક ($C_2$) | 420 | 23.23 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં.4.37**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના શાળાના પ્રકાર (C) પરિવર્ત્યના ભુમિકા સંઘર્ષના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff | Sig. |
|---|---|---|---|
| 1 | $C_1$ Vs $C_2$ | 1.04 | 0.05 |

0.05 = 0.82

0.01 = 1.08

પરિણામ કોષ્ટક નં.4.36માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા F ની કિંમત 2.89 છે. જે અસાર્થક જોવા મળે છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.66 છે. અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત નાની છે. તેથી તફાવત અસાર્થક છે. અહીં $HO_{16}$નો સ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત 0.05 અર્થકક્ષાએ સાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં.4.37માં દર્શાવવામાં આવેલ છે. અહીં $C_1$ Vs $C_2$ એટલે કે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોની ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 24.27 અને 23.23 છે, અને બન્ને વચ્ચેનો તફાવત 1.04 છે. જે 0.05 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકો કરતા પ્રાથમિક શાળાના શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે પ્રાથમિક શાળાના શિક્ષકોને અભ્યાસની સાથે સાથે અન્ય સરકારી કાર્યમાં જવાબદારી આપવામાં આવતી હોય ત્યારે શિક્ષણ અને અન્ય જવાબદારી એક સાથે નિભાવવાને લીધે પ્રાથમિક શિક્ષકોમાં ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

### આલેખ–4.6

### શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ :

**સ્કેલ માપ :**

x ધરી = શિક્ષકોના શાળાના પ્રકાર

y ધરી = 1 સે.મી. = 100 મધ્યકો




**શિક્ષકોની શાળાનો પ્રકાર**

### 4.4.1.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) અને રહેઠાણનો વિસ્તાર (B) વચ્ચેની આંતરક્રિયાની F કસોટીઃ

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં શિક્ષકોને નીચેના ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રીઓ ગ્રામ્ય
2. સ્ત્રીઓ શહેરી
3. પુરુષો ગ્રામ્ય
4. પુરુષો શહેરી

આ પ્રકારના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{17}$ **શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયા સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.38**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ગ્રામ્ય ($A_1B_1$) | 210 | 24.23 | 26.09 | 0.01 |
| સ્ત્રીઓ શહેરી ($A_1B_2$) | 210 | 19.97 | | |
| પુરુષો ગ્રામ્ય ($A_2B_1$) | 210 | 26.01 | | |
| પુરુષો શહેરી ($A_2B_2$) | 210 | 24.81 | | |

0.05 = 3.86

0.01 = 6.70

**પરિણામ કોષ્ટક નં.4.39**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1B_1$ Vs $A_1B_2$ | 4.26 | 0.01 |
| 2 | $A_1B_1$Vs $A_2B_1$ | 1.78 | 0.01 |
| 3 | $A_1B_1$ Vs $A_2B_2$ | 0.58 | NS |
| 4 | $A_1B_2$ Vs $A_2B_1$ | 6.04 | 0.01 |
| 5 | $A_1B_2$ Vs $A_2B_2$ | 4.84 | 0.01 |
| 6 | $A_2B_1$ Vs $A_2B_2$ | 1.2 | 0.05 |

0.05 = 1.16

0.01 = 1.52

પરિણામ કોષ્ટક નં.4.38માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 26.09 છે. જે 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.86 અને 0.01 અર્થકક્ષાએ 6.70 છે. તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{17}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 4 Pairsમાં 0.01 અર્થસૂચકકક્ષાએ સાર્થક અને 1 Pairs 0.05 અર્થસુચક કક્ષાએ સાર્થક અને 1 Pairમાં અસાર્થક જોવા મળે છે. જેમાં $A_1B_1$ Vs $A_1B_2$ એટલે કે સ્ત્રીઓ ગ્રામ્ય અને સ્ત્રીઓ શહેરી શિક્ષકોના ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 24.23 અને 19.97 છે. જે બન્ને વચ્ચેનો તફાવત 4.26 છે. જે 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રીઓ શહેરી કરતા સ્ત્રીઓ ગ્રામ્ય શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતતા અને વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની રુચિ ઓછી, અમુક એવા ગ્રામ્ય વિસ્તારો જયાં જીવન જરૂરી સામગ્રી મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે તેથી સ્ત્રી ગ્રામ્ય શિક્ષકોનો ભૂમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

$A_2B_1$ Vs $A_2B_2$ એટલે કે પુરુષો ગ્રામ્ય અને પુરુષો શહેરી શિક્ષકોના ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 26.01 અને 24.81 છે અને બન્ને વચ્ચેનો તફાવત 1.2 છે જે 0.05 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ શહેરી કરતા પુરુષ ગ્રામ્ય શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે...શિક્ષકોનો વસવાટ શહેરમાં અને શૈક્ષણિક કાર્ય ગ્રામ્ય વિસ્તારમાં કરાવતા હોય ત્યારે રોજનું અપડાઉન, શાળાના સમયનું પાલન મુશ્કેલ બને છે તેથી પુરુષ ગ્રામ્ય શિક્ષકોનો ભૂમિકા સંઘર્ષ વષુ જોવા મળે છે.

**4.4.1.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી**

1. ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો
2. ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો
3. શહેરી પ્રાથમિક શિક્ષકો
4. શહેરી માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{18}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.40**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો ($B_1C_1$) | 210 | 26.27 | 13.24 | 0.01 |
| ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($B_1C_2$) | 210 | 24.07 | | |
| શહેરી પ્રાથમિક શિક્ષકો ($B_2C_1$) | 210 | 23.38 | | |
| શહેરી માધ્યમિક શિક્ષક ($B_2C_2$) | 210 | 22.4 | | |

0.05=3.86

0.01=6.70

## પરિણામ કોષ્ટક નં.4.41

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $B_1C_1$ Vs $B_1C_2$ | 2.2 | 0.01 |
| 2 | $B_1C_1$ Vs $B_2C_1$ | 2.89 | 0.01 |
| 3 | $B_1C_1$ Vs $B_2C_2$ | 3.87 | 0.01 |
| 4 | $B_1C_2$ Vs $B_2C_1$ | 0.69 | NS |
| 5 | $B_1C_2$ Vs $B_2C_2$ | 1.67 | 0.01 |
| 6 | $B_2C_1$ Vs $B_2C_2$ | 0.98 | NS |

0.05 = 1.16

0.01 = 1.52

પરિણામ કોષ્ટક નં.4.40માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 13.24 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે, અહીં $HO_{18}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 4 Pairsમાં 0.01 અર્થસુચકાએ સાર્થક અને 2 Pairsમાં અસાર્થક જોવા મળે છે. જે $B_1C_1$ Vs $B_1C_2$ એટલે કે ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો અને ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોના ભુમિકા સંઘર્ષના મધ્યકો 26.27 અને 24.7 છે અને બન્ને વચ્ચેનો તફાવત 2.2 છે. જે 0.01 અર્થસુચક કક્ષાએ

સાર્થક છે. તેથી કહી શકાય કે ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો કરતા ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે ગ્રામ્ય પ્રાથમિક વિદ્યાર્થીઓની ગેરહાજરી, શિક્ષણ પ્રત્યેની અરુચિ, ગ્રામ્ય લોકોમાં શિક્ષણ પ્રત્યેની ઓછી જાગૃતતા વગેરે પરિસ્થિતિનો સામનો ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકોએ કરવો પડે છે.

$B_2C_1$ Vs $B_2C_2$ એટલે કે શહેરી પ્રાથમિક શિક્ષકો અને શહેરી માધ્યમિક શિક્ષકોના ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 23.38 અને 22.4 છે. અને બન્ને વચ્ચેનો તફાવત 0.98 છે. જે અસાર્થક છે તેથી કહી શકાય કે શહેરી પ્રાથમિક શિક્ષકો કરતા શહેરી માધ્યમિક શિક્ષકોના ભુમિકા સંઘર્ષ વચ્ચે સાર્થક તફાવત નથી.

કારણ કે માધ્યમિક શિક્ષકોએ વિદ્યાર્થીના બોર્ડના શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત રહેવાનું હોય છે તેમજ વિદ્યાર્થીના આગળના અભ્યાસનું સંપુર્ણ આધાર આ ગાળા દરમ્યાન હોય છે તેથી માધ્યમિક શિક્ષકોએ વધુ સજાગ રહીને કાર્ય કરવાનું હોવાથી શહેરી માધ્યમિક શિક્ષકોની ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

### 4.4.1.6 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ (A) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :

1. સ્ત્રી પ્રાથમિક શિક્ષકો
2. સ્ત્રી માધ્યમિક શિક્ષકો
3. પુરુષ પ્રાથમિક શિક્ષકો
4. પુરુષ માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{19}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

## પરિણામ કોષ્ટક નં.4.42

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રી પ્રાથમિક શિક્ષકો ($A_1C_1$) | 210 | 21.99 | 9.81 | 0.01 |
| સ્ત્રી માધ્યમિક શિક્ષક ($A_1C_2$) | 210 | 22.21 | | |
| પુરુષ પ્રાથમિક શિક્ષકો ($A_2C_1$) | 210 | 26.56 | | |
| પુરુષ માધ્યમિક શિક્ષક ($A_2C_2$) | 210 | 24.26 | | |

0.05 = 3.86

0.01 = 6.70

## પરિણામ કોષ્ટક નં.4.43

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $A_1C_1$ Vs $A_1C_2$ | 0.22 | NS |
| 2 | $A_1C_1$ Vs $A_2C_1$ | 4.66 | 0.01 |
| 3 | $A_1C_1$ Vs $A_2C_2$ | 2.27 | 0.01 |
| 4 | $A_1C_2$ Vs $A_2C_1$ | 4.35 | 0.01 |
| 5 | $A_1C_2$ Vs $A_2C_2$ | 2.05 | 0.01 |
| 6 | $A_2C_1$ Vs $A_2C_2$ | 2.3 | 0.01 |

0.05 = 1.16

0.01 = 1.52

પરિણામ કોષ્ટક નં.4.42માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 9.81 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.86 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે, 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે અહીં $HO_{19}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાનો પ્રકાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 5 Pairsમાં 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક, અને 1 Pair માં અસાર્થક જોવા મળે છે. $A_1C_1$ Vs $A_1C_2$ એટલે કે સ્ત્રી પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી માધ્યમિક શિક્ષકોની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 21.99 અને 22.21 છે અને બન્ને વચ્ચેનો તફાવત 0.22 છે. જે અસાર્થક છે. તેથી કહી શકાય કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$A_2C_1$ Vs $A_2C_2$ એટલે કે પુરુષ પ્રાથમિક શિક્ષકો અને પુરુષ માધ્યમિક શિક્ષકોના ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 26.56 અને 24.56 અને બન્ને વચ્ચેનો તફાવત 2.3 છે. જે 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ માધ્યમિક શિક્ષકો કરતા પુરુષ પ્રાથમિક શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વઘુ જોવા મળે છે.

કારણ કે માધ્યમિક શિક્ષકોની સરખામણીમાં પ્રાથમિક શિક્ષકોએ શાળાના કાર્ય ઉપરાંત સરકારી આયોજનો, અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત રહેતા હોવાથી તેમનો ભૂમિકા સંઘર્ષ વઘુ જોવા મળે છે.

### 4.4.1.7 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A), રહેઠાણનો વિસ્તાર (B) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચેની આંતરક્રિયાને આઠ વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો
2. સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો
3. સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો
4. સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકો
5. પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો
6. પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો
7. પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો
8. પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{20}$ **શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનાં વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.44**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક ($A_1B_1C_1$) | 105 | 25.04 | 16.96 | 0.01 |
| સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($A_1B_1C_2$) | 105 | 23.42 | | |
| સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો ($A_1B_2C_1$) | 105 | 18.95 | | |
| સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકો ($A_1B_2C_2$) | 105 | 21.0 | | |
| પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક ($A_2B_1C_1$) | 105 | 27.30 | | |
| પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($A_2B_1C_2$) | 105 | 24.73 | | |
| પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો ($A_2B_2C_1$) | 105 | 25.82 | | |
| પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકો ($A_2B_2C_2$) | 105 | 23.8 | | |

0.05 = 3.92

0.01 = 6.84

## પરિણામ કોષ્ટક નં.4.45

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ | 1.62 | NS |
| 2 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_1$ | 6.09 | 0.01 |
| 3 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_2$ | 4.04 | 0.01 |
| 4 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_1$ | 2.26 | 0.01 |
| 5 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_2$ | 0.31 | NS |
| 6 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_1$ | 0.78 | NS |
| 7 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_2$ | 1.24 | NS |
| 8 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_1$ | 4.47 | 0.01 |
| 9 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_2$ | 2.42 | 0.01 |
| 10 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_1$ | 3.88 | 0.01 |
| 11 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_2$ | 1.31 | NS |
| 12 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 2.4 | 0.01 |
| 13 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_2$ | 0.38 | NS |
| 14 | $A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ | 2.05 | 0.05 |
| 15 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 8.35 | 0.01 |
| 16 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_2$ | 5.78 | 0.01 |
| 17 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_1$ | 6.87 | 0.01 |
| 18 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_2$ | 4.85 | 0.01 |
| 19 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_1$ | 6.3 | 0.01 |
| 20 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_2$ | 3.73 | 0.01 |

| | | | |
|---|---|---|---|
| 21 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 4.82 | 0.01 |
| 22 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_2$ | 2.8 | 0.01 |
| 23 | $A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ | 2.57 | 0.01 |
| 24 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_1$ | 1.48 | NS |
| 25 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_2$ | 3.5 | 0.01 |
| 26 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_1$ | 1.09 | NS |
| 27 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_2$ | 0.97 | NS |
| 28 | $A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ | 2.02 | 0.05 |

0.05 = 1.64

0.01 = 2.16

પરિણામ કોષ્ટક નં.4.45માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા F ની કિંમત 16.96 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.92 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.84 છે અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે અહીં $HO_{20}$નો અસ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાનાં પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત 17 Pairs માં 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક, 2 Pairમાં 0.05 અર્થસુચક કક્ષાએ સાર્થક અને 9 Pairsમાં અસાર્થક જોવા મળે છે. જેમાં $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ એટલે કે સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી માધ્યમિક શિક્ષકોની ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 25.04 અને 23.42 છે. અને બંને વચ્ચેનો તફાવત 1.62 છે જે સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રી ગ્રામ્ય

પ્રાથમિક શિક્ષકો કરતા સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોની ભુમિકા સંઘર્ષ વચ્ચે સાર્થક તફાવત નથી.

કારણ કે સામાન્ય રીતે ગ્રામ્ય સ્તરે પ્રાથમિક કે માધ્યમિકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની બૌદ્ધિક કક્ષા લગભગ થોડા ઘણા અંશે સમાન હોય છે, ત્યાંના વિદ્યાર્થી વચ્ચે પરિણામલક્ષી સ્પર્ધા ઓછી જોવા મળે છે તેથી બન્નેનો ભૂમિકા સંઘર્ષ સરખો જોવા મળે છે.

$A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ એટલે કે સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકોનાં મધ્યકો અનુક્રમે 18.95 અને 21.0 છે. અને બન્ને વચ્ચેનો તફાવત 2.05 છે જે 0.05 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો કરતા સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે શહેરી કક્ષાએ પ્રાથમિકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓથી માધ્યમિકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીમાં અભ્યાસની કક્ષા તેમજ તરુણાવસ્થાની ઉંમરના ઉદ્‌ભવતા પ્રશ્નોને કારણ સ્ત્રી શિક્ષકે પ્રશ્નોનું નિરાકરણ પ્રાથમિક શિક્ષકો કરતા મુશ્કેલ હોય છે.

$A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ એટલે કે પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક અને પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોની ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 27.30 અને 24.73 છે અને બન્ને વચ્ચેનો તફાવત 2.57 છે. તેથી 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો કરતા પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકોના ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે ગ્રામ્ય પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની અભ્યાસમાં રૂચિ, નિયમિત હાજરી, તેમનું ઘડતર, તેમના વાલીઓની શિક્ષણ પ્રત્યે જાગૃત કરવાનું કાર્ય માધ્યમિકના પ્રમાણમાં મુશ્કેલ છે.

$A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ એટલે કે પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો અને પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકોના ભુમિકા સંઘર્ષના મધ્યકો અનુક્રમે 25.82 અને 23.8 છે અને બન્ને વચ્ચેનો તફાવત 0.02 છે જે 0.05 અર્થસુચક કક્ષા એ સાર્થક છે. તેથી

કહી શકાય કે પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકો કરતા પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ છે.

કારણ કે શહેરી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના બુદ્ધિઆંક, વાલીઓના તેમના શિક્ષણ પ્રત્યેની જાગૃતતા અને શિક્ષણના પ્રશ્નો, તેમજ શાળ ાકીય સરકારી ઉત્સવોમાં પણ પ્રાથમિક શિક્ષકોની ભૂમિકા મહત્વની હોય છે તેથી માધ્યમિક કરતા પ્રાથમિક શિક્ષકોનો ભૂમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

### 4.4.2 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને ભુમિકા સંઘર્ષ વચ્ચે t કસોટી :

#### 4.4.2.1 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંવામાં આવ્યા હતા.

1. 25 વર્ષથી ઓછી
2. 25 વર્ષથી વધુ

આ બે વિભાગોનાં સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{21}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.46**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | શિક્ષકોની ઉંમર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | 25 વર્ષથી ઓછી | 431 | 23.52 | 3.41 | 0.16 | 0.23 | 2.13 | 0.05 |
| 2. | 25 વર્ષથી વધુ | 409 | 24.01 | 3.71 | 0.18 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.46માં જોતા જણાય છે કે શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 2.13 છે. જયારે સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થકક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત નાની છે. તેથી તફાવત અસાર્થક છે. અહીં $HO_{21}$નો સ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

કારણ કે એક શિક્ષક તરીકે વર્ગમાં તાસનું આયોજન, વિદ્યાર્થીને અભ્યાસ કરાવવાની પદ્ધતિ અને વિદ્યાર્થીના પરિણામમાં ઉંમર, સરકારી કે બિનસરકારી શિક્ષક તરીકે જવાબદારીઓ સમાન હોય છે. તેથી બન્નેનો ભૂમિકા સંઘર્ષ સરખો જોવા મળે છે.

### 4.4.2.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાનાં પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષનો t–કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સરકારી
2. બિન સરકારી

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{22}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.47**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | સંસ્થાનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સરકારી | 426 | 23.76 | 3.81 | 0.18 | 0.27 | 0.03 | NS |
| 2. | બિનસરકારી | 414 | 23.75 | 4.07 | 0.2 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.47માં જોતા જણાય છે કે શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 0.03 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહી પ્રાપ્ત થયેલ tની કિંમત નાની છે. તેથી તફાવત અસાર્થક છે. અહીં $HO_{22}$નો સ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

કારણ કે સરકારી અને બિનસરકારીમાં અભ્યાસ કરાવતા શિક્ષકો માટે વિદ્યાર્થીના ભાવિનું ઘડતર કરવાની સમાન પરિસ્થિતિ છે તેથી બન્નેના ભૂમિકા સંઘર્ષમાં તફાવત જોવા મળતો નથી.

### 4.4.2.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. ગ્રેજ્યુએશન બી.એડ્.
2. પી.ટી.સી.

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{10}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

## પરિણામ કોષ્ટક નં. 4.48

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ગ્રેજયુએશન, બી.એડ્. | 534 | 24.33 | 4.21 | 0.18 | 0.29 | 5.41 | 0.01 |
| 2. | પી.ટી.સી. | 306 | 22.76 | 4.07 | 0.23 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.48માં જોતા જણાય છે કે શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 5.41 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{23}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પી.ટી.સી.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતા ગ્રેજયુએશન, બી.એડ્.ની લાયકાત ધરાવતા શિક્ષકોની ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

કારણ કે પ્રાથમિક વિદ્યાર્થીની સાપેક્ષ માધ્યમિકના વિદ્યાર્થીઓનું પરિણામના આધારે આગળના અભ્યાસનો નિર્ણય હોય તેથી માધ્યમિકના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા શિક્ષકની જવાબદારી અને ભૂમિકા પ્રાથમિકના શિક્ષકો કરતા વધુ હોય છે.

### 4.4.2.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સંયુકત

2. વિભકત

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{24}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.49**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબનાં પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | કુટુંબનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સંયુકત | 407 | 23.40 | 3.91 | 0.19 | 0.24 | 2.92 | 0.01 |
| 2. | વિભકત | 433 | 24.10 | 4.13 | 0.19 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.49માં જોતા જણાય છે કે શિક્ષકોના કુંટુંબના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 2.92 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{24}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોમાં ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

કારણ કે વિભકત કુટુંબમાં રહેતા શિક્ષક પર સંપુર્ણ જવાબદારી એકલા પર હોય છે. જયારે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકની જવાબદારી બધા સભ્યો ભેગા મળીને કાર્ય કરતા હોય છે. તેથી વિભકત કુટુંબના શિક્ષકોનો ભૂમિકા સંઘર્ષ જોવા મળે છે.

### 4.4.2.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. 5 વર્ષ કરતા ઓછો
2. 5 વર્ષ કરતા વધુ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{25}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.50**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક**

**(N=840)**

| ક્રમ | કુટુંબનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | 5 વર્ષ કરતા ઓછો | 444 | 23.25 | 3.11 | 0.14 | 0.2 | 5.4 | 0.01 |
| 2. | 5 વર્ષ કરતા વધુ | 396 | 24.33 | 3.87 | 0.19 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.50માં જોતા જણાય છે કે શિક્ષકોના વ્યવસાયિક અનુભવનાં સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 5.4 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{25}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે 5 વર્ષ કરતા ઓછો અનુભવ ધરાવતાં શિક્ષકો કરતા 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોનો ભૂમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

કારણ કે 5 વર્ષથી વધુ અનુભવ ધરાવનાર શિક્ષકોનો કાર્યનો સમયગાળો, નવી શિક્ષણ પદ્ધતિઓની સાથે સમાયોજન સાધવું, સીનીયોરીટી પ્રમાણે વહિવટી કાર્યનો ભાર, શરૂઆતમાં શાળામાં શિક્ષકોના અભાવથી શિક્ષણનો ભાર, 5 વર્ષ કરતા ઓછો સમય કરતા 5 વર્ષથી વધુ સમય ફરજ બજાવતા શિક્ષકોને અનુભવ અને સિનીયોરીટીને આધારે વધુ જવાબદારી અને મહત્વના કામ, આયોજનની જવાબદારી વધુ હોવાથી તેમનો ભૂમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

### 4.4.2.6 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્નના દરજ્જાના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. પરણિત
2. અપરણિત

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{26}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.51**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | લગ્નનો દરજ્જો | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | પરણિત | 436 | 23.91 | 3.52 | 0.17 | 0.24 | 1.33 | NS |
| 2. | અપરણિત | 404 | 23.59 | 3.43 | 0.17 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.51માં જોતા જણાય છે કે શિક્ષકોના લગ્નના દરજ્જાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 1.33 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત નાની છે. તેથી તફાવત અસાર્થક છે. અહીં $HO_{26}$નો સ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે લગ્ન દરજ્જાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

કારણ કે પરણિત શિક્ષકોને લગભગ તેમની પત્ની પણ શિક્ષક હોય છે. તેથી કૌટુંબિક, સામાજિક, આર્થિક જવાબદારી નિભાવવામાં બહુ મુશ્કેલી રહેતી નથી. તેમજ અપરણિત શિક્ષકો તો આ બધી જવાબદારી સંયુકત કુટુંબ સાથે નિભાવવાના હોય છે એટલે બંનેનો ભૂમિકા સંઘર્ષ વચ્ચે તફાવત જોવા મળતો નથી.

## 4.5 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં કાર્યસંતોષનો અભ્યાસ :

### 4.5.1 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને કાર્યસંતોષ વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા

પ્રસ્તુત અધ્યયનમાં શિક્ષકોનાં વ્યક્તિગત ઘટકો જેવા કે જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની શી અસર થાય છે તેમજ આ સ્વતંત્ર પરિવર્ત્યો વ્યક્તિગત ઘટકો પર થતી અસરોની ચકાસણી કરવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકાર જેવા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર મુખ્ય તેમજ આંતરક્રિયાત્મક અસર જાણવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા F મૂલ્ય શોધવામાં આવ્યા હતા. આ દરેકની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે. ઉપરાંત વિચરણ પૃથક્કરણ પ્રક્રિયામાં પ્રાપ્ત થતી અંતિમ કિંમત F ગુણો સમષ્ટિના વિવિધ જુથોના મધ્યકો વચ્ચે OVER ALL તફાવત સાર્થક છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મદદ કરે અને અહીં સ્વતંત્ર પરિવર્ત્યો ત્રણ છે. જે નીચે મુજબ છે.

1. જાતિ (A)

   $A_1$ સ્ત્રીઓ $A_2$ પુરુષો

2. રહેઠાણનો વિસ્તાર (B)

   $B_1$ ગ્રામ્ય $B_2$ શહેરી

3. શાળાનો પ્રકાર

C1 પ્રાથમિક $C_2$ માધ્યમિક

જયારે કાર્યસંતોષ એ પરતંત્ર પરિવર્ત્ય છે. આ અંગેની તમામ વિગતો કોષ્ટક નં.4.52માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં.4.52**

**2x2x2 આવયવિક યોજના અને કાર્યસંતોષનું વિચરણ પૃથક્કરણ પરિણામ (N=840)**

| ચલનો ઉદ્દભવ Source of Variance | વર્ગના સરવાળા Sum of square | સ્વાતંત્ર્યની કક્ષા df (n-1) | પ્રચરણ Mean Sum of square | મૂલ્ય f | સાર્થકતા ની કક્ષા Sig. |
|---|---|---|---|---|---|
| Main Effects | - | - | - | - | - |
| SSA | 1917.05 | 1 | 1917.05 | 21.41 | 0.01 |
| SSB | 1693.20 | 1 | 1693.20 | 18.91 | 0.01 |
| SSC | 258.77 | 1 | 258.77 | 2.89 | NS |
| Interaction Effects | - | - | - | - | - |
| SS A.B | 1666.33 | 1 | 1666.33 | 18.61 | 0.01 |
| SS B.C | 1427.26 | 1 | 1427.26 | 15.94 | 0.01 |
| SS A.C | 618.72 | 1 | 618.72 | 6.71 | 0.01 |
| SS A.B.C | 1069.10 | 1 | 1069.10 | 11.94 | 0.01 |
| Within SS Error | 74497.28 | 832 | 89.54 | | |
| SS Total | 83147.71 | 839 | | | |

Significance Level

| N | 0.05 | 0.01 |
|---|---|---|
| 105 | 3.92 | 6.84 |
| 210 | 3.86 | 6.70 |
| 420 | 3.85 | 6.66 |

**4.5.1.1 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) અને કાર્યસંતોષ વચ્ચેની F કસોટી :**

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રી
2. પુરુષ

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{27}$ **શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિનાં સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.53**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના કાર્યસંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| શિક્ષકોની જાતિ (A) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ($A_1$) | 420 | 221.70 | 21.41 | 0.01 |
| પુરુષો ($A_2$) | 420 | 213.89 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં.4.54**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના કાર્યસંતોષના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1$ Vs $A_2$ | 7.81 | 0.01 |

0.05 = 1.27

0.01 = 1.67

પરિણામ કોષ્ટકમાં નં.4.54માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા Fની કિંમત 21.41 છે જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે અહીં $HO_{27}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે. અહીં $A_1$ Vs $A_2$ એટલ કે સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના કાર્યસંતોષના મધ્યકો અનુક્રમે 221.70 અને 213.89 છે અને બંને વચ્ચેનો તફાવત 7.81 છે. જે 0.01 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે પુરુષ શિક્ષકોએ કૌટુંબિક જવાબદારી હોવાથી તે શાળાના સમય પછી પણ અન્ય પ્રવૃત્તિ કરી નાણા મેળવવા પડે છે. જયારે સ્ત્રી માત્ર અડધા દિવસની નોકરી પુર્ણ કરી કુટુંબના સભ્યો સાથે સમય પસાર કરે છે. તેથી જે તે કાર્ય કરે છે તેનાથી સંતોષ અનુભવે છે.

## આલેખ–4.7
## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ

**સ્કેલ માપ**

x ધરી = શિક્ષકોની જાતિ

y ધરી = 1 સે.મી. = 20 મધ્યકો




**કાર્યસંતોષ**

### 4.5.1.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) અને કાર્યસંતોષ વચ્ચેની F કસોટી

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારને ધ્યાનમાં રાખીને બે વિભાગમાં વહેંચામાં આવ્યા હતા.

1. ગ્રામ્ય
2. શહેરી

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{28}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.55**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોના રહેઠાણ વિસ્તાર (B) પરિવર્ત્યોના કાર્યસંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| રહેઠાણનો વિસ્તાર (B) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| ગ્રામ્ય ($B_1$) | 420 | 219.68 | 18.91 | 0.01 |
| શહેરી ($B_2$) | 420 | 215.91 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં. 4.56**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) પરિવર્ત્યના કાર્યસંતોષના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1$ Vs $B_2$ | 3.77 | 0.01 |

0.05 = 1.27

0.01 = 1.67

પરિણામ કોષ્ટક નં.4.56માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા Fની કિંમત 18.91 છે. જે 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક જોવા મળે છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ F કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{28}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં.4.56માં દર્શાવવામાં આવેલ છે. અહીં $B_1$ Vs $B_2$ એટલે કે ગ્રામ્ય શાળાના અને શહેરી શાળામાં નોકરી કરતા શિક્ષકોના કાર્યસંતોષના મધ્યકો અનુક્રમે 219.68 અને 215.91 છે. અને બંને વચ્ચે તફાવત 3.77 છે. જે 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે શહેરી વિસ્તારમાં પગાર ધોરણના પ્રમાણમાં ખર્ચનું પ્રમાણ વધુ હોવાથી તેઓ પોતાના ઘરની સુવિધાઓ પુર્ણ કરવામાં ખર્ચાય જાય છે આના કારણે તેઓમાં વ્યવસાય સંતોષનું પ્રમાણ ઓછું હોય છે. જયારે ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ હોય છે. કારણ કે ગ્રામ્ય કક્ષાએ પગાર ધોરણના પ્રમાણમાં ઘરખર્ચ જેવા કે મકાન ભાડા, પ્રોવિઝન બિલ વગેરે ઓછા આવે છે તેથી તે શિક્ષક પોતાના વ્યવસાયમાં સંતોષ પ્રાપ્ત કરે છે.

**આલેખ–4.8**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ :**

**સ્કેલ માપ :**

x ધરી = શિક્ષકોનાં રહેઠાણનો વિસ્તાર

y ધરી = 1 સે.મી. = 20 મધ્યકો




**કાર્યસંતોષ**

### 4.5.1.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર (C) અને કાર્યસંતોષ વચ્ચેની F કસોટી :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોને શાળાના પ્રકારને ધ્યાનમાં રાખીને બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. પ્રાથમિક
2. માધ્યમિક

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{25}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.57**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકાર (C) પરિવર્ત્યના કાર્યસંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| શાળાનો પ્રકાર (C) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| પ્રાથમિક ($C_1$) | 420 | 217.9 | 2.89 | NS |
| માધ્યમિક ($C_2$) | 420 | 217.69 | | |

0.05 = 3.85

0.01 = 6.66

**પરિણામ કોષ્ટક નં.4.58**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના શાળાના પ્રકાર (C) પરિવર્ત્યના કાર્યસંતોષના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff | Sig. |
|---|---|---|---|
| 1 | $C_1$ Vs $C_2$ | 0.21 | NS |

0.05 = 1.27

0.01 = 1.67

પરિણામ કોષ્ટક નં.4.57માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા F ની કિંમત 2.89 છે. જે અસાર્થક જોવા મળે છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.85 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.66 છે. અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત નાની છે. તેથી તફાવત અસાર્થક છે. અહીં $HO_{29}$નો સ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના શાળાના પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત પણ અસાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં.4.58માં દર્શાવવામાં આવેલ છે. અહીં $C_1$ Vs $C_2$ એટલે કે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોની કાર્યસંતોષના મધ્યકો અનુક્રમે 217.9 અને 217.69 છે, અને બન્ને વચ્ચેનો તફાવત 0.21 છે. જે અસાર્થક છે. તેથી કહી શકાય કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**આલેખ–4.9**
**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ :**
**સ્કેલ માપ :**
x ધરી = શિક્ષકોના શાળાના પ્રકાર
y ધરી = 1 સે.મી. = 20 મધ્યકો




**કાર્યસંતોષ**

**4.5.1.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A) અને રહેઠાણનો વિસ્તાર (B) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :**

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં શિક્ષકોને નીચેના ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રીઓ ગ્રામ્ય
2. સ્ત્રીઓ શહેરી
3. પુરુષો ગ્રામ્ય
4. પુરુષો શહેરી

આ પ્રકારના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{30}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયા સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.59**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ગ્રામ્ય ($A_1B_1$) | 210 | 222.65 | 18.61 | 0.01 |
| સ્ત્રીઓ શહેરી ($A_1B_2$) | 210 | 220.75 | | |
| પુરુષો ગ્રામ્ય ($A_2B_1$) | 210 | 216.70 | | |
| પુરુષો શહેરી ($A_2B_2$) | 210 | 211.08 | | |

0.05 = 3.86

0.01 = 6.70

## પરિણામ કોષ્ટક નં.4.60

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક

| Sr.No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1B_1$ Vs $A_1B_2$ | 1.9 | 0.05 |
| 2 | $A_1B_1$Vs $A_2B_1$ | 5.9 | 0.01 |
| 3 | $A_1B_1$ Vs $A_2B_2$ | 11.57 | 0.01 |
| 4 | $A_1B_2$ Vs $A_2B_1$ | 4.05 | 0.01 |
| 5 | $A_1B_2$ Vs $A_2B_2$ | 9.67 | 0.01 |
| 6 | $A_2B_1$ Vs $A_2B_2$ | 5.62 | 0.01 |

0.05 = 1.80

0.01 = 2.37

પરિણામ કોષ્ટક નં.4.59માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 18.61 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.86 અને 0.01 અર્થસુચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{30}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 5 Pairsમાં 0.01 કક્ષાએ સાર્થક અને 1 Pairs 0.05 અર્થકક્ષાએ સાર્થક જોવા મળે છે. જેમાં $A_1B_1$ Vs $A_1B_2$ એટલે કે સ્ત્રીઓ ગ્રામ્ય અને સ્ત્રીઓ શહેરી શિક્ષકોની કાર્યસંતોષના મધ્યકો અનુક્રમે 222.65 અને 220.75 છે. અને બન્ને વચ્ચેનો તફાવત 1.9 છે. જે 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રીઓ શહેરી કરતા સ્ત્રીઓ ગ્રામ્ય શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે શહેરી વિસ્તારમાં રહેતી સ્ત્રીઓ પોતાના કુટુંબના આર્થિક સ્થિતી સમતોલ રાખવા ઘરના કામ સાથે કોચીંગ કલાસ તેમજ શાળા સિવાયની અન્ય પ્રવૃત્તિ કરી સતત કાર્યશીલ રહે છે તેમજ શાળામાં શહેરી બાળકો વધુ પ્રવૃત્તિશીલ તેમજ જાગૃત હોય છે તેમની માગણીઓ પુરી કરવી વગેરે કાર્યસંતોષને અસર કરે છે જયારે ગ્રામ્ય સ્ત્રીઓ માત્ર પોતાની નોકરી સિવાય અન્ય પ્રવૃત્તિ સંભવ નથી હોતી.

$A_2B_1$ Vs $A_2B_2$ એટલે કે પુરુષો ગ્રામ્ય અને પુરુષો શહેરી શિક્ષકોના કાર્યસંતોષના મધ્યકો અનુક્રમે 216.70 અને 211.08 છે અને બન્ને વચ્ચેનો તફાવત 5.62 છે જે 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ શહેરી કરતા પુરુષ ગ્રામ્ય શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે..શહેરી પુરુષ શિક્ષકો કામની સતત વ્યસ્તતા ઓછું પગારધોરણ, વધુ ખર્ચ, શહેરની મોંઘવારી આ બધી બાબતોનો સામનો કરવાનો હોવાથી તેઓમાં વ્યવસાય સંતોષ ઓછો જોવા મળે છે જયારે ગ્રામ્ય પુરુષ શિક્ષકોને આવકના પ્રમાણમાં નહીવત ખર્ચ, અનુકુળ આબોહવા, ફુરસદનો સમય વગેરેને પરિણામે વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

### 4.5.1.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર (B) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં શિક્ષકોને નીચેના ચાર વિભાગોમાં વહેંચવામા આવ્યા હતા.

1. ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો
2. ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો
3. શહેરી પ્રાથમિક શિક્ષકો
4. શહેરી માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{31}$ **શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.61**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો ($B_1C_1$) | 210 | 216.19 | 15.94 | 0.01 |
| ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($B_1C_2$) | 210 | 223.16 | | |
| શહેરી પ્રાથમિક શિક્ષકો ($B_2C_1$) | 210 | 219.61 | | |
| શહેરી માધ્યમિક શિક્ષક ($B_2C_2$) | 210 | 212.22 | | |

0.05=3.86

0.01=6.70

**પરિણામ કોષ્ટક નં.4.62**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક**

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $B_1C_1$ Vs $B_1C_2$ | 6.97 | 0.01 |
| 2 | $B_1C_1$ Vs $B_2C_1$ | 3.42 | 0.01 |
| 3 | $B_1C_1$ Vs $B_2C_2$ | 3.97 | 0.01 |
| 4 | $B_1C_2$ Vs $B_2C_1$ | 3.55 | 0.01 |
| 5 | $B_1C_2$ Vs $B_2C_2$ | 10.94 | 0.01 |
| 6 | $B_2C_1$ Vs $B_2C_2$ | 7.39 | 0.01 |

0.05 = 1.80

0.01 = 2.37

પરિણામ કોષ્ટક નં.4.61માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 15.94 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.86 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત 0.01 કક્ષાઅ સાર્થક છે, અહીં $HO_{31}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારના આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 6 Pairsમાં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક જોવા મળે છે. જેમાં $B_1C_1$ Vs $B_1C_2$ એટલે કે ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો અને ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષના મધ્યકો 216.19 અને 223.16 છે અને બન્ને વચ્ચેનો તફાવત 6.97 છે. જે 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો કરતા ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે ગ્રામ્ય પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણ ઓછુ જોવા મળે છે તેમજ માધ્યમિક શાળામાં ફાજલ થવાની સંભાવના વધુ છે તેથી તેમનો કાર્યસંતોષ ઓછો જોવા મળે છે. જયારે પ્રાથમિક શિક્ષણ ફરજીયાત શિક્ષણ હોવાથી તેમજ ફાજલ થવાની મુશ્કેલી પણ ન હોવાથી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

$B_2C_1$ Vs $B_2C_2$ એટલે કે શહેરી પ્રાથમિક શિક્ષકો અને શહેરી માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષના મધ્યકો અનુક્રમે 219.61 અને 212.22 અને બન્ને વચ્ચેનો તફાવત 7.39 છે જે 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે શહેરી માધ્યમિક શિક્ષકો કરતા શહેરી પ્રાથમિક શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે પ્રાથમિક શાળામાં જે નોકરીનું રક્ષણ મળે છે તે માધ્યમિક શાળામાં નથી મળતુ તેમજ કાર્યભારણ બન્નેનું સરખુ જોવા મળે છે તેથી માધ્યમિક શિક્ષકો કરતા પ્રાથમિક શિક્ષકો વધુ કાર્યસંતોષ અનુભવે છે.

**4.5.1.6 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ (A) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :**

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં શિક્ષકોને નીચેના ચાર વિભાગોમાં વહેચવામાં આવ્યા હતા.

1. સ્ત્રી પ્રાથમિક શિક્ષકો
2. સ્ત્રી માધ્યમિક શિક્ષકો
3. પુરુષ પ્રાથમિક શિક્ષકો
4. પુરુષ માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{32}$ **શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.63**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રી પ્રાથમિક શિક્ષકો ($A_1C_1$) | 210 | 222.37 | 6.91 | 0.01 |
| સ્ત્રી માધ્યમિક શિક્ષક ($A_1C_2$) | 210 | 221.03 | | |
| પુરુષ પ્રાથમિક શિક્ષકો ($A_2C_1$) | 210 | 213.43 | | |
| પુરુષ માધ્યમિક શિક્ષક ($A_2C_2$) | 210 | 214.35 | | |

0.05 = 3.86

0.01 = 6.70

### પરિણામ કોષ્ટક નં.4.64

### શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $A_1C_1$ Vs $A_1C_2$ | 1.34 | NS |
| 2 | $A_1C_1$ Vs $A_2C_1$ | 8.94 | 0.01 |
| 3 | $A_1C_1$ Vs $A_2C_2$ | 8.02 | 0.01 |
| 4 | $A_1C_2$ Vs $A_2C_1$ | 7.6 | 0.01 |
| 5 | $A_1C_2$ Vs $A_2C_2$ | 6.68 | 0.01 |
| 6 | $A_2C_1$ Vs $A_2C_2$ | 0.92 | NS |

0.05 = 1.80

0.01 = 2.37

પરિણામ કોષ્ટક નં.4.63માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ Fની કિંમત 6.91 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.86 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ Fની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે, 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક છે અહીં $HO_{32}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાની કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 4 Pairsમાં 0.01 અર્થકક્ષાએ સાર્થક, અને 2 Pair માં અસાર્થક જોવા મળે છે. $A_1C_1$ Vs $A_1C_2$ એટલે કે સ્ત્રી પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 222.37 અને 221.03 છે અને બન્ને વચ્ચેનો તફાવત 1.34 છે. જે અસાર્થક છે. તેથી કહી

શકાય કે સ્ત્રી પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષ વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

કારણ કે પ્રાથમિક શિક્ષકોએ જે પુર્વ તાલીમ મેળવી છે તે પ્રાથમિક ધોરણો માટેની છે તેથી પોતાના કાર્યમાં તે સરળતાથી સમાયોજન સાધી શકે છે તેમજ માધ્યમિક શિક્ષકોની પુર્વતાલીમ માધ્યમિક બાળકોને શિક્ષણ આપવાની છે તેથી તેમને કોઈ મુશ્કેલી પડતી નથી. આમ બન્નેની પુર્વતાલીમ કાર્યસંતોષને અસર કરી શકે.

$A_2C_1$ Vs $A_2C_2$ એટલે કે પુરુષ પ્રાથમિક શિક્ષકો અને પુરુષ માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષના મધ્યકો અનુક્રમે 213.43 અને 214.35 છે અને બન્ને વચ્ચેનો તફાવત 0.92 છે. જે અસાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ પ્રાથમિક શિક્ષકો અને પુરુષ માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

કારણ કે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોને તેમના કાર્યના પ્રમાણમાં પગારધોરણ મળી રહે છે તેમજ ખાનગી શાળાઓમાં તો ડે સ્કુલો હોવાથી કોચીંગ કલાસનું વેતન પણ મળે છે તેથી માધ્યમિક પુરુષ શિક્ષકોનો કાર્યસંતોષ પ્રમાણમાં વધુ જોવા મળે છે.

### 4.5.1.7 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ (A), રહેઠાણનો વિસ્તાર (B) અને શાળાના પ્રકાર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચેની આંતરક્રિયાને આઠ વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો
2. સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો
3. સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો
4. સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકો

5. પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો

6. પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકો

7. પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો

8. પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{33}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનાં વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.65**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણના વિસ્તાર અને શાળ ાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક**

| Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક ($A_1B_1C_1$) | 105 | 216.9 | | |
| સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($A_1B_1C_2$) | 105 | 228.41 | | |
| સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો ($A_1B_2C_1$) | 105 | 227.84 | | |
| સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકો ($A_1B_2C_2$) | 105 | 213.66 | 11.94 | 0.01 |
| પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક ($A_2B_1C_1$) | 105 | 215.49 | | |
| પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષક ($A_2B_1C_2$) | 105 | 217.92 | | |
| પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો ($A_2B_2C_1$) | 105 | 211.38 | | |
| પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકો ($A_2B_2C_2$) | 105 | 210.79 | | |

0.05 = 3.92

0.01 = 6.84

## પરિણામ કોષ્ટક નં.4.66

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક

| Sr.No. | Pairs | Mean diff. | Sig |
|---|---|---|---|
| 1 | $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ | 11.51 | 0.01 |
| 2 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_1$ | 10.94 | 0.01 |
| 3 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_2$ | 3.24 | 0.05 |
| 4 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_1$ | 1.41 | NS |
| 5 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_2$ | 1.02 | NS |
| 6 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_1$ | 5.52 | 0.01 |
| 7 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_2$ | 6.11 | 0.01 |
| 8 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_1$ | 0.57 | NS |
| 9 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_2$ | 14.75 | 0.01 |
| 10 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_1$ | 12.61 | 0.01 |
| 11 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_2$ | 10.49 | 0.01 |
| 12 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 17.03 | 0.01 |
| 13 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_2$ | 17.62 | 0.01 |
| 14 | $A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ | 14.18 | 0.01 |
| 15 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 12.35 | 0.01 |
| 16 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_2$ | 9.92 | 0.01 |
| 17 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_1$ | 16.02 | 0.01 |
| 18 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_2$ | 17.05 | 0.01 |

| | | | |
|---|---|---|---|
| 19 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_1$ | 1.83 | NS |
| 20 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_2$ | 4.26 | 0.01 |
| 21 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 2.28 | NS |
| 22 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_2$ | 2.87 | 0.05 |
| 23 | $A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ | 2.43 | NS |
| 24 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_1$ | 4.11 | 0.01 |
| 25 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_2$ | 4.7 | 0.01 |
| 26 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_1$ | 6.54 | 0.01 |
| 27 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_2$ | 7.13 | 0.01 |
| 28 | $A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ | 0.59 | NS |

0.05 = 2.56

0.01 = 3.35

પરિણામ કોષ્ટક નં.4.65માં જોતા જણાય છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા F ની કિંમત 11.94 છે. જયારે 0.05 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 3.92 અને 0.01 અર્થસુચક કક્ષાએ Fની કિંમત 6.84 છે. તેથી તફાવત 0.01 અર્થકક્ષાએ સાર્થક છે અહીં $HO_{33}$નો અસ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાનાં પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત 19 Pairs માં 0.01 કક્ષાએ સાર્થક, 2 Pairમાં 0.05 અર્થકક્ષાએ સાર્થક અને 7 Pairsમાં અસાર્થક જોવા મળે છે. જેમાં $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ એટલે કે સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક

શિક્ષકોની કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 216.9 અને 228.41 છે. એ બંને વચ્ચેનો તફાવત 11.51 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો કરતા સ્ત્રી ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં વધુ હોય છે તેથી ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો સતત કાર્યશીલ રહે છે જયારે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી જોવા મળે છે. આ સ્તરે બાળકો શહેરી શાળ ાઓ વધુ પસંદ કરે છે તેથી ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

$A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ એટલે કે સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકો અને સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકોનાં મધ્યકો અનુક્રમે 227.84 અને 213.66 છે. અને બન્ને વચ્ચેનો તફાવત 14.18 છે જે 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સ્ત્રી શહેરી માધ્યમિક શિક્ષકો કરતા સ્ત્રી શહેરી પ્રાથમિક શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે શહેરી વિસ્તારમાં માધ્યમિક શાળામાં જે વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર શહેરી ન રહેતા ગ્રામ્ય વિસ્તારના બાળકોની પણ હોય છે તેથી શિક્ષકે બન્ને સ્તરની બૌદ્ધિક કક્ષાને ધ્યાનમાં રાખી ધો.10 ના વિદ્યાર્થી અભ્યાસ કરવો પડે છે જયારે પ્રાથમિક શિક્ષકોને માત્ર શહેરી વિસ્તારના બાળકો સાથે જ કાર્ય કરવાનું હોવાથી કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

$A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ એટલે કે પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષક અને પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 215.49 અને 217.92 છે અને બંને વચ્ચેનો તફાવતો 2.43 છે. જે અસાર્થક છે. તેથી કહી શકાય કે પુરુષ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષકો અને પુરુષ ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

કારણ કે ગ્રામ્ય માધ્યમિક શાળાના અને ગ્રામ્ય માધ્યમિક શાળાના શિક્ષકોને સમાન વેતન, સમાન સામાજિક દરજજો, સમાન માનસન્માન મળતુ હોવાથી બન્નેના કાર્યસંતોષમાં તફાવત જોવા મળતો નથી.

$A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ એટલે કે પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો અને પુરૂષ શહેરી માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષના મધ્યકો અનુક્રમે 211.38 અને 210.79 છે અને બન્ને વચ્ચેનો તફાવત 0.59 છે જે અસાર્થક છે તેથી કહી શકાય કે પુરુષ શહેરી પ્રાથમિક શિક્ષકો અને પુરુષ શહેરી માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષ વચ્ચે સાર્થક તફાવત નથી.

કારણ કે શહેરી પ્રાથમિક શિક્ષકો અને શહેરી માધ્યમિક શિક્ષકોને તેમને પોત પોતાના કાર્યના પ્રમાણમાં વેતન મળી રહે છે આથી બન્નેના કાર્યસંતોષનું પ્રમાણ સરખુ છે.

### 4.5.2 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યો અને કાર્યસંતોષ વચ્ચે t કસોટી :

#### 4.5.2.1 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં કાર્યસંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. 25 વર્ષથી ઓછી
2. 25 વર્ષથી વધુ

આ બે વિભાગોનાં સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{34}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.67**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | શિક્ષકોની ઉંમર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | 25 વર્ષથી ઓછી | 431 | 218.95 | 9.87 | 0.47 | 0.66 | 3.36 | 0.01 |
| 2. | 25 વર્ષથી વધુ | 409 | 216.73 | 9.67 | 0.48 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.67માં જોતા જણાય છે કે શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 3.36 છે. જયારે સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{34}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે 25 વર્ષથી વધુ ઉંમરના શિક્ષકો કરતા 25 વર્ષથી ઓછી ઉંમરના શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

કારણ કે 25 વર્ષથી વધુ ઉંમરના લોકો તેમન વયકક્ષા પ્રમાણે એક જ કાર્યમાં સ્થિર રહીને કંટાળો અનુભવતા હોય છે. તેમજ બદલાતી શિક્ષણ પદ્ધતિ પ્રમાણે કામ કરવામાં પણ તેમને અનુકુલન સાધવુ પડે છે. જયારે 25 વર્ષથી ઓછી ઉંમરના શિક્ષકોમાં હજુ પોતાના કાર્યનો ઉત્સાહ અને થનગનાટ જોવા મળે છે. તેમજ નવી પદ્ધતિમાં તો તેઓ અભ્યાસ કરીને આવ્યા હોય છે. તેથી 25 વર્ષથી ઓછી ઉંમરના શિક્ષકો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

### 4.5.2.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સસ્થાનાં પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષનો t–કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સરકારી
2. બિન સરકારી

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{35}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

## પરિણામ કોષ્ટક નં. 4.68

## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)

| ક્રમ | સંસ્થાનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સરકારી | 426 | 217.14 | 9.84 | 0.48 | 0.68 | 2.17 | 0.05 |
| 2. | બિનસરકારી | 414 | 218.62 | 9.93 | 0.49 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.68માં જોતા જણાય છે કે શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 2.17 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહી પ્રાપ્ત થયેલ tની કિંમત 0.05 અર્થસુચક કક્ષાએ મોટી છે. તેથી તફાવત 0.05 અર્થસુચક કક્ષાએ સાર્થક છે. અહીં $HO_{35}$નો અસ્વિકાર થાય છે તેથી કહી શકાય કે સરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો કરતા બિનસરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

કારણ કે સરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો ફિકસ વેતનમાં કાર્ય કરવુ પડે છે. જયારે ખાનગી સંસ્થા સાથે જોડાયેલ શિક્ષકો જેવી તેમની કાર્યક્ષમતા એટલી વધુ આવક મેળવી શકે છે તેથી સરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષક કરતા ખાનગી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

### 4.5.2.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કાર્યસંતોષની t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. ગ્રેજ્યુએશન બી.એડ્.

2. પી.ટી.સી.

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{36}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.69**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ગ્રેજયુએશન, બી.એડ્. | 534 | 217.24 | 9.83 | 0.42 | 0.7 | 2.48 | 0.105 |
| 2. | પી.ટી.સી. | 306 | 218.98 | 9.91 | 0.56 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.69માં જોતા જણાય છે કે શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 2.48 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી 0..05 અર્થસૂચક કક્ષાએ તફાવત સાર્થક છે. અહીં $HO_{36}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે ગ્રેજયુએશન, બી.એડ્. કરેલા શિક્ષકો કરતા પી.ટી.સી. કરેલા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

કારણ કે ગ્રેજયુએશન, બી.એડ્. હોવા છતાં ફિકસ વેતનમાં નોકરી કરવી, માધ્યમિક શાળામાં ફાજલ થવાની શકયતા, તરુણાવસ્થાના વિદ્યાર્થી કે જેમાં જિજ્ઞાસાવૃત્તિ વધુ હોય તે તેમને શિક્ષણ આપવુ વગેરે તેમનો કાર્યસંતોષ ઓછો

જોવા મળે છે. જયારે પી.ટી.સી. કરેલા શિક્ષકો શૈક્ષણિક લાયકાતના પ્રમાણમાં વેતન અને નોકરીનું પુરતુ રક્ષણ આથી તેમનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

### 4.5.2.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ :

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. સંયુકત
2. વિભકત

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{37}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.70**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબનાં પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | કુટુંબનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સંયુકત | 407 | 222.66 | 9.93 | 0.49 | 0.67 | 13.66 | 0.01 |
| 2. | વિભકત | 433 | 213.37 | 9.78 | 0.47 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.70માં જોતા જણાય છે કે શિક્ષકોના કુંટુંબના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 13.66 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{37}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે વિભકત

કુટુંબમાં રહેતા શિક્ષકો કરતા સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકોમાં કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

કારણ કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકની આર્થિક, સામાજીક જવાબદારીઓ, કુટુંબના અન્ય સભ્યો સાથે વહેંચાય જાય છે તેથી તે સંતોષપૂર્વક પોતાનું કાર્ય કરી શકે છે જયારે વિભકત કુટુંબના શિક્ષક પર કૌટુંબિક, આર્થિક સામાજિક સંપુર્ણ જવાબદારી એકલા પર હોય છે. તેથી તે હંમેશા માનસિક તણાવ અનુભવે છે. આમ તેનામાં કાર્યસંતોષ ઓછો જોવા મળે છે.

### 4.5.2.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં કાર્યસંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

1. 5 વર્ષ કરતા ઓછો
2. 5 વર્ષ કરતા વધુ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચે મુજબની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$HO_{38}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.71**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક**

**(N=840)**

| ક્રમ | કુટુંબનો પ્રકાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | 5 વર્ષ કરતા ઓછો | 444 | 218.43 | 9.78 | 0.46 | 0.66 | 1.80 | NS |
| 2. | 5 વર્ષ કરતા વધુ | 396 | 217.24 | 9.58 | 0.48 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં. 4.71 માં જોતા જણાય છે કે શિક્ષકોના વ્યવસાયિક અનુભવના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 1.80 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત નાની છે. અહીં $HO_{38}$ નો સ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોના વ્યવસાયિક અનુભવના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

કારણ કે શિક્ષકોનો વ્યવસાય અનુભવ વધુ તેમ તેમનું વેતન વધુ તેથી કાર્યસંતોષ વધુ જોવા મળે છે. એ જ રીતે ઓછા અનુભવવાળા શિક્ષકો પોતાના કાર્યમાં શરૂઆતમાં સજાગ વધુ રહે છે તેથી દરેક કાર્ય રસપૂર્વક કરે છે. વેતન ઓછુ હોવા છતાં ભવિષ્યમાં વધી શકે એવી અપેક્ષાએ કાર્યસંતોષ અનુભવે છે.

**$HO_{39}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.**

**પરિણામ કોષ્ટક નં. 4.72**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો, પ્રમાણવિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | લગ્નનો દરજ્જો | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | પરણિત | 436 | 215.04 | 9.18 | 0.44 | 0.64 | 9.20 | 0.01 |
| 2. | અપરણિત | 404 | 220.93 | 9.48 | 0.47 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

પરિણામ કોષ્ટક નં.4.72માં જોતા જણાય છે કે શિક્ષકોના લગ્નના દરજ્જાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 9.20 છે. સ્વાતંત્ર્યની કક્ષા 838 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ tની કિંમત 1.96 અને 0.01 અર્થસુચક કક્ષાએ tની કિંમત 2.58 છે. પ્રાપ્ત થયેલ tની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે.

અહીં $HO_{39}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પરણિત શિક્ષકો કરતા અપરણિત શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

કારણ કે પરણિત શિક્ષકો ઉપર કૌટુંબિક જવાબદારી, સામાજીક જવાબદારઓ, બાળકોના અભ્યાસની ચિંતા વગેરે આર્થિક, સામાજીક, કૌટુંબિક, પરિબળો તેના કાર્યસંતોષને અસર કરે છે. જયારે અપરણિત શિક્ષકો આ બધી બાબતોથી ઓછેવતે અંશે સ્વતંત્ર હોય છે તેથી તેમનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

## 4.6 આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના સહસંબંધનો અભ્યાસ :

### 4.6.1. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષ વચ્ચેનો સહસંબંધ ઉ

**$HO_{40}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષ વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.73**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષ વચ્ચેનો સહસબંધાંક દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | વિગત | N | સ્વાતંત્ર્યની કક્ષા Df (N-1) | સહસંઘાંક |
|---|---|---|---|---|
| 1 | આવેગિક બુદ્ધિ | 840 | 839 | -0.59 |
| 2 | ભુમિકા સંઘર્ષ | 840 | 839 | |

Significance Level

0.05 = 0.062

0.01 = 0.081

ઉપરોકત કોષ્ટક નં.4.73નો ઉપયોગ $HO_{40}$ની ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભુમિકા

સંઘર્ષ વચ્ચેનો સહસંબંધ ગણવા માટે કાર્લપિયરસન r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેના દ્વારા ગણતરી કરીને પ્રાપ્ત થયેલ r ની કિંમત -0.59 આવે છે. જે નિષેધક સાધારણ સહસંબંધ દર્શાવે છે. df=839 હોય ત્યારે 0.05 **અર્થસુચક** કક્ષાએ r ની કિંમત 0.062 અને 0.01 **અર્થસુચક** કક્ષાએ rની કિંમત 0.081 છે. અહીં પ્રાપ્ત થયેલ rની કિંમત મોટી છે. તેથી સહસંબંધ સાર્થક છે. અહીં $HO_{40}$નો અસ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષ વચ્ચે નિષેધક સાર્થક સહંબંધ જોવા મળે છે.

### 4.6.2 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ :

**$HO_{40}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.74**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોર્ષ વચ્ચેનો સહસબંધાંક દર્શાવતુ કોષ્ટક**

| **ક્રમ** | **વિગત** | N | **સ્વાતંત્ર્યની કક્ષા** Df (N-1) | **સહસંધાંક** |
|---|---|---|---|---|
| 1 | ભુમિકા સંઘર્ષ | 840 | 839 | -0.54 |
| 2 | કાર્યસંતોષ | 840 | 839 | |

Significance Level

0.05 = 0.062

0.01 = 0.081

ઉપરોકત કોષ્ટક નં.4.74નો ઉપયોગ $HO_{41}$ની ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ ગણવા માટે કાર્લપિયરસન rનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેના દ્વારા ગણતરી કરીને પ્રાપ્ત થયેલ rની કિંમત -0.54 આવે છે. જે નિષેધક

સાધારણ સહસંબંધ દર્શાવે છે. df=839 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ r ની કિંમત 0.062 અને 0.01 અર્થસુચક કક્ષાએ rની કિંમત 0.081 છે. અહીં પ્રાપ્ત થયેલ rની કિંમત મોટી છે. તેથી સહસંબંધ સાર્થક છે. અહીં $HO_{41}$નો અસ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચે નિષેધક સાર્થક સહંબંધ જોવા મળે છે.

**4.6.3 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ :**

**$HO_{41}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.**

**પરિણામ કોષ્ટક નં.4.75**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસબંધાંક દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | વિગત | N | સ્વાતંત્ર્યની કક્ષા Df (N-1) | સહસંધાંક |
|---|---|---|---|---|
| 1 | આવેગિક બુદ્ધિ | 840 | 839 | 0.63 |
| 2 | કાર્યસંતોષ | 840 | 839 | |

Significance Level

0.05 = 0.062

0.01 = 0.081

ઉપરોકત કોષ્ટક નં.4.75નો ઉપયોગ $HO_{42}$ની ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ ગણવા માટે કાર્લપિયરસન r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેના દ્વારા ગણતરી કરીને પ્રાપ્ત થયેલ rની કિંમત 0.63 આવે છે. જે સાધારણ સહસંબંધ દર્શાવે છે. df=8.39 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ r ની કિંમત

0.062 અને 0.01 અર્થસુચક કક્ષાએ rની કિંમત 0.081 છે. અહીં પ્રાપ્ત થયેલ rની કિંમત મોટી છે. તેથી સહસંબંધ સાર્થક છે. અહીં $HO_{42}$નો અસ્વીકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચે વિધાયક સાધારણ સહસંબંધ જોવા મળે છે.

**પરિણામ કોષ્ટક નં.4.76**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના આંશિક સહસબંધાંક દર્શાવતુ કોષ્ટક (N=840)**

| ક્રમ | વિગત | સ્વાતંત્ર્યની કક્ષા df (N-3) | આંશિક વિગત | r Value | આંશિક સહસંબંધ | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | આવેગિક બુદ્ધિ | 837 | r 12.3 | 0.63 | -0.21 | 0.01 |
| 2 | ભુમિકા સંઘર્ષ | 837 | r 23.1 | -0.54 | 0.19 | 0.01 |
| 3 | કાર્યસંતોષ | 837 | r 31.2 | -0.59 | -0.23 | 0.01 |

Significance Level

0.05 = 0.062

0.01 = 0.081

### 4.6.4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષ વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ :

**$HO_{43}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષ વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.**

ઉપરોક્ત કોષ્ટક 4.76નો ઉપયોગ $HO_{43}$ની ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. જયારે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષ વચ્ચેના આંશિક સહસંબંધ દ્વારા પ્રાપ્ત થયેલ rની કિંમત –0.21 છે જે df 837 હોય ત્યારે 0.05

અર્થસુચક કક્ષાએ r ની કિંમત 0.062 અને 0.01 અર્થસુચક કક્ષાએ r ની કિંમત 0.081 છે. અહીં પ્રાપ્ત થયેલ r ની કિંમત મોટી છે. તેથી $HO_{43}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષ વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

### 4.6.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ :

**$HO_{44}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.**

ઉપરોકત કોષ્ટક 4.76નો માહિતીનો ઉપયોગ $HO_{44}$ની ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. જયારે શિક્ષકોની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના આંશિક સહસંબંધ દ્વારા પ્રાપ્ત થયેલ rની કિંમત 0.19 છે જે df 837 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ r ની કિંમત 0.062 અને 0.01 અર્થસુચક કક્ષાએ r ની કિંમત 0.081 છે. અહીં પ્રાપ્ત થયેલ r ની કિંમત મોટી છે. તેથી $HO_{44}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

### 4.6.6 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ :

**$HO_{45}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.**

ઉપરોકત કોષ્ટક 4.76નો માહિતીનો ઉપયોગ $HO_{45}$ની ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. જયારે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભુમિકા સંઘર્ષના

પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચેના આંશિક સહસંબંધ દ્વારા પ્રાપ્ત થયેલ rની કિંમત -0.23 છે જે df 837 હોય ત્યારે 0.05 અર્થસુચક કક્ષાએ r ની કિંમત 0.062 અને 0.01 અર્થસુચક કક્ષાએ r ની કિંમત 0.081 છે. અહીં પ્રાપ્ત થયેલ r ની કિંમત મોટી છે. તેથી $HO_{45}$નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોના ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

**આલેખ-4.10**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ**

**સ્કેલમાપ**

x ધરી = આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ, કાર્યસંતોષ

y ધરી = 1 સે.મી. = 100 મધ્યક




**આધારિત પરિવર્ત્ય**

**આલેખ-4.11**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો સ્વતંત્ર પરિવર્ત્યના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ**



### આલેખ-4.12

### શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો સ્વતંત્ર પરિવર્ત્યના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ



## આલેખ–4.13
## શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો સ્વતંત્ર પરિવર્ત્યના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ

